
Gyan Amrit
જ્ઞાનામૃત
Vol.13 - Issue 6
June 2020
Price 12/-
24th June
માતેશ્વરી જગદંબા સરસ્વતીજી
સ્મૃતિ દિવસ
6th June 2019
રાજયોગિની સરલાદીદીનો
પ્રથમ સ્મૃતિ દિવસ
21st June
International Day of Yoga

# રાજયોગિની સરલાદીદીજીની જીવન ઝરમર સાથે ગુજરાતની બેહદ સેવાઓની ઝાંખી

**1940** — 8-3-1940 જન્મ : કચ્છ–જખૌ



**1954** — 14 વર્ષે આધ્યાત્મિક જ્ઞાનનો પરિચય



**1956** — ઈશ્વરીય સેવાઓમાં સમર્પિત મુંબઈમાં માટુંગા, સાયન સેવાકેન્દ્ર




**1960 થી 1967** — દાદી જાનકીજીની સાથે પુનામાં ૬ વર્ષ સેવા




**1965** — ગુજરાતમાં પ્રથમ સેવાકેન્દ્રની શરુઆત પાલડી અમદાવાદમાં



**1971** — પ્રથમ વિદેશ પ્રવાસ અમેરિકા, નેધરલેન્ડ, ફ્રાન્સ, લંડન






**1972**
- ગુજરાતી જ્ઞાનામૃતની શરૂઆત
- પાલડી થી રાજયોગ ભવન, મણિનગરમાં સેવા હેતુ આગમન



**1974** — ગુજરાતમાં સૌ પ્રથમ "વિશ્વ નવનિર્માણ આધ્યાત્મિક મેળો"



**1975** — આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષમાં સેવાઓ



**1976** — આંતરરાષ્ટ્રીય બાળવર્ષમાં ગુજરાતના બાળકો સાથે રાષ્ટ્રપતિ ભવનમાં



**1978** — યજ્ઞમાં ચૈતન્ય દેવીઓની ઝાંખીની શરૂઆત



**1985** — 18-1-1985–ગુજરાત ભવન, સુખશાંતિ ભવનનું ઉદ્દઘાટન

1985

ભારત એકતા યુવા પદયાત્રા (સોમનાથ થી દિલ્હી)





1987

મિલયન મીનીટ ઑફ પીસ અપીલ પ્રોજેક્ટની ગુજરાત સ્તરે સેવા




1990

ગુજરાતની સેવાઓની રજત જયંતી મહોત્સવ



1991

શાંતિ અનુભૂતિ કુટિર, સંસ્કાર કેન્દ્ર, પાલડી



1992

ગુજરાત દ્વારા શાંતિ અનુભૂતિ મેળો, પીસપાર્ક – માઉન્ટ આબુ



1993

- બીજો વિદેશ પ્રવાસ (નૈરોબી, ઝિમ્બાબ્વે)
- ગુજરાતથી બ્રહ્માકુમારી ચોક રોડના નામાભિકરણની શરુઆત



1994

- ઝોનલ મુખ્યાલય ખાતે ગુજરાતના રાજવી પરિવારનું સ્નેહમિલન
- બ્રહ્માબાબાની ટપાલ ટીકીટનું રાજ્યકક્ષાએ લોન્ચીંગ
- યજ્ઞમાં સૌ પ્રથમ કાર રેલી – વ્યાપાર અને ઉદ્યોગ પ્રભાગ



1995

18-1-1995–શાંતિવનમાં સૌ પ્રથમ ટેન્ટમાં બાબામિલન ગુજરાત દ્વારા સેવા



1996

ગુજરાત સ્તરીય ડાયમંડ જ્યુબિલી વર્ષની ઉજવણી




1998

- ગુજરાતનો સંગઠીત 'ભારત ૨૧મી સદીનો પ્રકાશ સ્તંભ' વિશાળ મેળો
- ગુજરાત ગૌરવ એવોર્ડ એનાયત



1999

ત્રીજો વિદેશ પ્રવાસ (લંડન, અમેરિકા, દુબઈ, કેનેડા)




2000

- જ્યોતિલીંગમ્ રથયાત્રા : સોમનાથ તથા નાગેશ્વર થી મા.આબુ
- શાંતિની સંસ્કૃતિ મેનીફેસ્ટો–૨૦૦૦ (ગુજરાતનો પ્રથમ નંબર)

Gyan Amrit Vol.13. | Issue 6 | June 2020 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Pubished on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December-2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.




| | |
|---|---|
| 2001 | – ચોથો વિદેશ પ્રવાસ (શ્રીલંકા)<br>– કચ્છ ભુકંપમાં રાહત સેવા |
| 2002 | - 14-1-2002–લાકડીયામાં હોસ્પિટલનું નિર્માણ અને ગુ.સરકારને લોકાર્પણ<br>–પાંચમો વિદેશ પ્રવાસ (થાઈલેન્ડ, સિંગાપુર, ઈન્ડોનેશીયા, મલેશીયા) |
| 2003 | – શિવ અવતરણ મહોત્સવ, યજ્ઞમાં સૌ પ્રથમ વાર ૧ લાખ આત્માઓ મેળો ઝોન સ્તરીય<br>– છઠો વિદેશ પ્રવાસ (મોરેશિયસ, સાઉથ આફ્રિકા) |
| 2005 | યજ્ઞમાં પહેલી વાર આપદા જાગૃતિ અભિયાન |
| 2007 | સાતમો વિદેશ પ્રવાસ (ન્યુઝીલેન્ડ, ફીઝી, ઓસ્ટ્રેલિયા) |
| 2008 | પ્રાઈડ ઑફ ગુજરાત એવોર્ડ<br>ફિલીંગ્સ મેગેઝીન દ્વારા એનાયત |
| 2009 | પરમાત્મ શક્તિ અવતરણનો સંગઠિત મેગા ઈવેન્ટ |
| 2010 | આઠમો વિદેશ પ્રવાસ (લંડન, નાઈઝીરીયા, દુબઈ) |
| 2011 | શિવ વરદાની મહોત્સવ<br>યજ્ઞની પ્લેટીનીયમ જ્યુબીલી, વિનસ ગ્રાઉન્ડ |
| 2014 | 08-03-2014 – સરલાદીદીજીની પ્લેટીનીયમ જ્યુબિલી સેલીબ્રેશન<br>23-11-2014 – નવનિર્મિત 'સુખશાંતિ ભવન'નું મંગલ ઉદ્દઘાટન |
| 2017 | નવમો વિદેશ પ્રવાસ (રશિયા) |
| 2019 | 6-6-2019–અનંત યાત્રાએ મહાપ્રયાણ |















**If Undelivered Please Return To :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૩ | જૂન-૨૦૨૦ | અંક : ૦૬

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- સ્મરણાંજલિ ....................................તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ....................................દાદી જાનકીજી ..05
- વિદ્યા વિશારદા (મમ્મા)એ ..........રાજયોગી નિર્વેરભાઈ ..06
- યોગી જીવનનો પાયો ........................બ્ર.કુ. સૂર્યભાઈ ..09
- પ્રસન્નતાના પથ પર ....................બ્ર.કુ. શિવાનીબેન ..11
- રાજયોગી જગદીશચંદ્રજીને ...........બ્ર.કુ. આત્મપ્રકાશ ..12
- મમ્માના દરેક બોલ વરદાન .............બ્ર.કુ. કૈલાશબેન ..14
- આધ્યાત્મિક શિક્ષણગૃહ ....................બ્ર.કુ. ચંદ્રવદન ..15
- શિવશક્તિઓનાં સેનાની ...............બ્ર.કુ. વિદ્યાસાગર ..18
- માતેશ્વરી જગદંબા સરસ્વતીજી ..........બ્ર.કુ. સરલાદીદી ..20
- પ્યારા દાદીજી સાથે ઝલક .............બ્ર.કુ. ગોદાવરીબેન ..23
- સરલાદીદીજી સંગના સંસ્મરણો ........બ્ર.કુ. ભારતીદીદી ..24
- દિવ્યદર્શન ....................................બ્ર.કુ. નંદિનીબેન ..26
- જગદમ્બા સરસ્વતી ...........................બ્ર.કુ. નીલમ ..30
- આદરણીય સરલાદીદી મારા ............બ્ર.કુ. અમરબેન ..32
- માયાના લોકડાઉનમાંથી બહાર .............બ્ર.કુ. અનંત ..34



### લવાજમના દર

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**

### સ્થાનિક સેવાકેન્દ્ર

### આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460, 2532 4660**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# સ્મરણાંજલિ

## ગુજરાત ઝોનનાં પ્રથમ ડાયરેક્ટર રાજયોગિની સરલાદીદી



આ સંસારમાં એવી મહાન વિભૂતિઓ જન્મે છે કે જેઓ પોતાના જીવન અને કાર્યોની અમીટ છાપ છોડી જાય છે. તેમનું આ ધરા પર આગમન જ વિશ્વકલ્યાણ માટે હોય છે. આ મહાન વિભૂતિ એટલે રાજયોગિની સરલાદીદી. એમણે ઈશ્વરીય સેવા દ્વારા અનેક આત્માઓને દિવ્ય ભાથું આપ્યું છે. તેને લોકો ઘણાં વર્ષો સુધી યાદ કરશે. એ સંભવ છે કે દરેક બ્રહ્માવત્સને દીદીની પૂર્ણ જાણકારી ના પણ હોય.

દીદીજીનો જન્મ તા. 8 માર્ચ, 1940ના દિવસે કચ્છના જખૌ ગામે થયો હતો. આપના પિતાનું નામ રણછોડલાલ આણંદજી સોમૈયા હતું. માતાનું નામ ત્રિવેણીબહેન હતું. દીદી મુંબઈમાં ડોન ઇંગ્લીશ સ્કૂલમાં ભણાવતાં હતાં. મુંબઈમાં પધારેલા માતેશ્વરી જગદંબા સરસ્વતીની પ્રેરણાથી આધ્યાત્મિક જીવન તરફ આકર્ષાયાં 16 વર્ષની વયે બ્રહ્માકુમારી સંસ્થામાં જીવન સમર્પણ કર્યું.

દીદીએ બે વર્ષ સુધી મુંબઈમાં છ વર્ષ સુધી પૂનામાં જાનકીદાદીજીની સાથે રહીને સેવા કરી. બાબાએ દીદીની 1967માં ગુજરાત ઝોનનાં ડાયરેક્ટર તરીકે નિમણૂંક કરી. જે દીદીજીએ બાવન વર્ષ સુધી નિભાવી.

સુખશાંતિભવન તથા બાજુમાં બીજા ભવનના નિર્માણથી ઈશ્વરીય સેવાનો વિસ્તાર ઘણો વધતો ગયો. સુવર્ણજયંતીની ઉજવણી સુધીમાં તો સંસ્થાએ અદ્ભુત વિકાસ કર્યો. 450 થી વધુ સેવાકેન્દ્રો અને 4000 થી વધુ ગીતા પાઠશાળા (આધ્યાત્મિક) તેના પૂરાવો છે. દીદી ઈશ્વરીય સેવા માટે ગુજરાતમાં પરિભ્રમણ કરતાં.

દીદી બ્રહ્માકુમારીની મધ્યસ્થ સમિતિનાં સભ્ય હતાં. સંસ્થાની ભિન્ન ભિન્ન મહત્વપૂર્ણ કમીટીમાં તેમને સ્થાન મળ્યું હતું. દીદી ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્રભાઈના સંપર્કમાં હતાં. વડાપ્રધાન થયા પછી દીદી એમને રક્ષાબંધન કરવા દિલ્હી જતાં.

દીદીનો રાજ્યની તેમજ રાષ્ટ્રીય મહાન પ્રતિભાઓ, ઉદ્યોગપતિઓ, ધાર્મિક વિશિષ્ટ પ્રતિભાઓ સાથે સંપર્ક હતો.

ઈ.સ. 1971 થી દીદીએ વિદેશોની સેવા શરૂ કરી. આપ અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, એશિયાના દેશોમાં ઈશ્વરીય સેવા અર્થે ગયાં હતાં. દીદીને **'ગુજરાત ગૌરવ એવોર્ડ'** તથા ભિન્ન ભિન્ન સન્માનપત્રો મળ્યાં હતાં.

તા. 06-062019-ના દિવસે સવારે 12-15 કલાકે દીદીએ સ્ટર્લીંગ હોસ્પિટલમાં દેહત્યાગ કર્યો. તા. 07-06-2019ના દિવસે આબુરોડના સ્મશાનમાં એમના અગ્નિસંસ્કાર થયા. ભાવિનો સંકેત આવી ગયો હોય તેમ ગુજરાત ઝોનની રુહાની ફુલવાડીને તૈયાર કરી કે જેઓ આજે સર્વત્ર સુગંધ ફેલાય તે માટે વિશેષ પુરુષાર્થ કરી રહ્યાં છે.


**॥ ઓમશાંતિ ॥**

**- બ્ર.કુ. કાલિદાસ**

## અમૃતધારા

# તંદુરસ્ત રહેવું છે તો કદી અધૈર્ય યા અશાંત થશો નહીં.

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



દુનિયામાં આત્માઓ તો અગણિત છે. લાખો આત્માઓ મરે છે. તો એનાથી પણ વધારે પેદા થાય છે. ઉપર પરમધામથી પણ આત્માઓ આવતા રહે છે તેથી વસ્તી વધારો થાય છે. પણ ભગવાને એમાંથી વીણી વીણીને આપણને કાઢ્યા છે. જેમણે મારું મારું છોડ્યું છે એમને ભગવાન કહે છે આ મારા છે. જેણે બાબાને તારું-તારું કહ્યું એમના બાબા મારા થઈ ગયા. તે કેટલા ગણત્રીવાળા આત્માઓ છે. આપણે એવું ના કહી શકીએ કે બાબા મારો સ્વભાવ એવો છે. આ સ્વભાવ ક્યાંથી લાવ્યા? સંસ્કાર એવા છે, તો શું રાવણના સંસ્કાર છે? જો થોડી પણ વાત બની જાય તો બાબા કહે છે આ સંસ્કાર મારા બાળકોના નથી.

મૂલ્યોને જન્મ આપનારા કોણ, પાલના કરનાર કોણ? આધ્યાત્મિકતા. તંદુરસ્તી પણ સારી ક્યારે થશે? મૂલ્યોથી. જરા પણ આપ અધૈર્ય ના બનો. અશાંત ના બનો, તો સદા તંદુરસ્ત છો. ગમે તે થઈ જાય પણ શાંતિ રાખો, તો તંદુરસ્તી સારી થઈ જશે. થોડો હિસાબ-કિતાબ છે. પણ કોઈ કર્મભોગ હશે, તો ચીસો પાડશો. કોઈ ભારે હિસાબ-કિતાબ છે, કંઈક ભૂલ કરી છે, તો એને ભોગવવી પડશે, તો દુ:ખ થશે. મસ્તિષ્કમાં દર્દ એવું થશે કે બાર ગોળીઓથી પણ નહીં ઉતરે, કારણ કે આપણે કંઈક કર્યું છે. પછી તેનું રિયલાઈજેશન થાય છે તો ઊતરી જાય છે. આ પણ એક ખેલ છે. આ પણ અંદરની વાત છે કે આપણી તંદુરસ્તી બગડે છે ક્યા કારણથી? સુધરશે કઈ રીતે? તો અંદર આધ્યાત્મિક પ્રકાશ અથવા સમજ છે તેનાથી તંદુરસ્તી ઉપર સારો પ્રભાવ પડે છે. શાંતિ આવે છે હકારાત્મકતાથી. જે અમૃત છે. નકારાત્મકતા છે ઝેર. ઝેરનું એક ટીપું પણ પડ્યું એટલે કે નકારાત્મક સંકલ્પ આવ્યો તો પોઝીટીવમાં જે પીસ છે, પ્યોરિટી છે, પાવર છે તે સર્વ ચાલી જાય છે. અને તે એકદમ ઢીલો પડી જશે. જરા પણ નફરતની નજર ગઈ, જરા પણ દૃષ્ટિ ખરાબ થઈ, તો સમજોતે ઝેર છે.

પોતાને સમજાવો, સંભાળો, પોતાની કાળજી રાખવી તે મોટી વાત છે. આ રીતે એક બીજાની કાળજી રાખવી તે પણ પુણ્યનું કાર્ય છે. સારી સારી વાતો વહેંચીને એને ઉમંગ-ઉત્સાહમાં લાવવા અને બીમારી ભૂલાવી દેવી યા કોઈ પ્રેરણા આપવી, આ છે કમાલ. જો તંદુરસ્તી નથી તો ગુણોની વેલ્થ પણ નહીં, તો હેપીનેસ ક્યાંથી આવશે ? ધન કંઈ સુખી બનાવતું નથી. ગુણ સુખી બનાવે છે, સ્વયંને આધ્યાત્મિકતાની જાગૃતિ આવી છે, તો સ્વયંને સંભાળો.

॥ ઓમશાંતિ ॥

---

(પેજ નં. 10નું અનુસંધાન)... **યોગી જીવનનો**

આવનારા સમયમાં આપણું કવચ બનશે. આ યોગબળથી આપણે વિનાશકાળમાં મહાનકાર્ય કરી શકીશું. જો સમય વીતી ગયો તો જન્મ જન્મ આપણે ઈશ્વરીય સુખનો અભાવ અનુભવ કરીશું.

॥ ઓમશાંતિ ॥

# વિદ્યા વિશારદા (મમ્મા)એ મને વક્તૃત્વકળા શીખવાડી

## બ્ર.કુ. રાજયોગી નિર્વૈરભાઈ, સેક્રેટરી જનરલ, શાંતિવન, આબુરોડ



માતેશ્વરી જગદંબા સરસ્વતીએ મને એક વરદાન આપ્યું હતું. કોઈની ભાષણ કળા એટલી સારી હોય છે કે લોકો કહે છે 'એમની જબાન ઉપર સરસ્વતી છે.' એ રીતનું વરદાન મને મમ્મા દ્વારા મળ્યું. મુંબઈમાં એક સર્વધર્મ સંમેલન થઈ રહ્યું હતું. આપણી સંસ્થાને પણ નિમંત્રણ મળ્યું હતું. મારી તેમાં જવાની ઈચ્છા નહોતી. મમ્માએ કહ્યું, નિર્વૈરભાઈને મોકલી દો. તે સંમેલન મુસ્લિમ નેતાઓએ યોજ્યું હતું. નામ હતું સર્વધર્મનું પણ આયોજક મુસ્લિમ નેતાઓ હતા. ત્યારે હું વ્યક્તિગત રીતે ઈશ્વરીયજ્ઞાન સંભળાવતો અને ચર્ચા કરતો હતો પણ સભામાં મેં ભાષણ કર્યું નહોતું. જ્યારે મને નિમંત્રણ મળ્યું, તો મેં કહ્યું, મેં કદી ભાષણ કર્યું નથી તો સંમેલનમાં કઈ રીતે જાઉં? રાતનો સમય હતો ત્યારે આ વાત મમ્માના કાને પડી. મમ્માએ કહ્યું, એમને મારી પાસે લાવો, હમણાં જ એમને ભાષણ કરવાનું શીખવાડી દઉં છું. હું મમ્માની પાસે જઈને બેઠો અને **મમ્માએ એમનો હાથ મારી પીઠ પર મૂક્યો અને ધીરે-ધીરે મને ભાષણ કરતાં શીખવાડ્યું. સંમેલનનો વિષય હતો વિશ્વ શાંતિ. ચાર મિનિટ સુધી મને મમ્માએ વિશ્વશાંતિ શું છે? એની આવશ્યકતા કેમ છે, વિશ્વ શાંતિ ક્યારે હતી. વિશ્વશાંતિના સ્થાપન કર્તા કોણ છે?** મેં આ સર્વ વાતો જણાવી. જ્યારે મેં ભાષણ કર્યું, તો લોકો 40 મિનિટ સુધી એકાગ્રચિત થઈને ભાષણ સાંભળી રહ્યા હતા લોકોને સૌથી વધારે આકર્ષક અમારું જ ભાષણ લાગ્યું હતું. મેં કલ્પવૃક્ષ, સીડી અને સૃષ્ટિચક્રનાં ચિત્રો બતાવીને ભાષણ કર્યું, તો લોકોમાં એ ચિત્રોની માંગણી હતી. આ રીતે સ્વયં માતેશ્વરી જગદંબા સરસ્વતીજીએ મને વક્તૃત્વકળા શીખવાડી. આ મારા જીવનનો ઘણો વિશેષ અને સ્મરણીય પ્રસંગ છે.

### મમ્માનો નિઃસ્વાર્થ પ્રેમ

સૌથી પહેલાં હું મમ્માને સન્ 1959માં મુંબઈના વોટરલૂ મેન્શન એરિયામાં, જે કોલાબા નજીક છે. ત્યાં મળ્યો હતો. એ સમયે જ્ઞાનમાં આવ્યે માત્ર એક મહિનો જ થયો હતો. મમ્મા મુંબઈમાં લગભગ એક મહિનો રહ્યાં એ સમયે મારી ઉંમર લગભગ 21 વર્ષની હતી. મમ્મા મુંબઈમાં લગભગ એક મહિનો રહ્યાં એ સમયે મારી ઉંમર લગભગ 21 વર્ષની હતી. મમ્માનું જે વ્યક્તિત્વ હતું. તે ઘણું તેજોમય અને સ્વાભાવિક રીતે એક માની ભાસના આપે તેવું હતું. એમને મળ્યા પછી મને એવું લાગ્યું કે આ પહેલાં પણ તેમને મળ્યો છું. આ વાત એમને પણ મેં કરી હતી. મમ્માએ કહ્યું હા, કલ્પ પહેલાં મળ્યાં હતાં પણ એ સમયે સમજમાં આવ્યું નહોતું.

એક દિવસે ભોજન સમયે હું તેમની સાથે હતો. તો એમણે પોતાનું ભોજન શરૂ કરતાં પહેલાં એક કોળિયો મને ખવડાવ્યો. પછી તેમણે ખાધું.

આ ઘટનાથી મને એવો અનુભવ થયો કે ઘણા દિવસો પછી મારી મા મને મળી છે. મમ્માએ કહ્યું, હા, આ અલૌકિક સંગમ છે.

## સદા પોતાને બાબાની સામે એક વિનમ્ર બેટીના રૂપમાં પ્રત્યક્ષ કર્યાં.

દરરોજ મમ્માનો ક્લાસ સાંજે 5 થી 6 વાગ્યા સુધી રાખવામાં આવ્યો હતો. હું ભારતીય નૌકાદળમાં હતો, મારા માટે આ એક સારી સગવડ હતી. મમ્માનો ક્લાસ એક કલાક ચાલતો હતો. મમ્માની જ્ઞાન સ્પષ્ટ કરવાની જે રીત હતી તે ઘણી વિશિષ્ટ અને સરળ હતી. અમારા મનમાં યજ્ઞના વિષયમાં અથવા ધારણાના વિષયમાં કેટલાક પ્રશ્નો હતાં પણ પૂછતા નહોતા. આશ્ચર્યની વાત એ છે કે મમ્માની વાણીમાં જ એ શંકાઓનો અને પ્રશ્નોનો સ્વતઃ જ ઉત્તર મળતો હતો. એના વિશે મેં મમ્માને પૂછ્યું, મમ્મા આપને કઈ રીતે ખબર પડી કે અમારા મનમાં આ પ્રશ્ન છે જેના ઉત્તર તમે આપ્યા? મમ્માએ કહ્યું, એવી વાત, તો નથી હું બાબાને યાદ કરું છું તો બાબાની તરફથી મને એ પ્રેરણા આવે છે એ અનુસાર હું સંભળાવું છું. એમણે કદી એવું કહ્યું નહોતું કે મને ખબર હતી. સદા મમ્માએ બાબાની તરફ ઈશારો કર્યો. પોતાને એમની વિનમ્ર બેટીના રૂપમાં પ્રત્યક્ષ કર્યાં.

## રોમ રોમમાં જ્ઞાન સમાયેલું હતું અને અંગઅંગ પરમાત્માની યાદ અપાવતું હતું.

મમ્મા જે વિષય ઉઠાવતાં હતાં તેના ઉંડાણ સુધી જતાં હતાં. વિશેષ, એ દિવસોમાં કર્મ ઉપર ગહન વિસ્તારથી સમજાવતાં હતાં. પરમાત્માના પરિચય વિશે તથા પવિત્રતાની ધારણા ઉપર પણ ઘણું ગહનતાથી સમજાવતાં હતાં. એમની સમજાવવાની વિધિ ઘણી સહજ, સરલ અને રમણિક હતી. આ સાંભળનારને ધારણા ભારે અને મુશ્કેલ લાગતી નહોતી. ખરેખર સાંભળનારને લાગતું હતું કે મમ્મા વિદ્યાની દેવી સરસ્વતી છે અને એમની વિદ્યાથી જીવન ધારણારૂપી ધનથી સંપન્ન થતું હતું. એમની ધારણા બહુ ઊંચી કોટિની હતી. મમ્મા ઘણું ઓછું બોલતાં, માત્ર ક્લાસમાં યા વ્યક્તિગત મુલાકાતમાં એમનો અવાજ સાંભળતાં હતાં. પરમાત્માની યાદમાં લવલીન રહેવાની એમની એક સ્વાભાવિક સ્થિતિ હતી. એમનાં આસપાસનાં વાયબ્રેશનથી પોતાનાપણાનો અનુભવ થતો હતો. તે ઘણો સુખદ લાગતો હતો. એમના દરેક શબ્દમાં જ્ઞાન સમાયેલું હતું. એમ કહીએ કે એમના રોમ-રોમમાં જ્ઞાન સમાયેલું હતું. એમને જોતાં જ પરમાત્માની યાદમાં મન મગન થઈ જતું હતું. યાદ કરવાની મહેનત કરવી પડતી નહોતી. પરમાત્મા પિતાની યાદ સહજ આવતી હતી.

## કર્મના બંધનો અને લૌકિક સંબંધોથી મુક્ત કરનારા એમના વરદાની બોલ

જ્યારે હું ભારતીય નૌકાદળમાં હતો ત્યારે રજાઓમાં બાબાએ બે મહિના માટે સેવાર્થ જયપુર મોકલ્યો હતો. જયપુરમાં ઈશ્વરીય સેવામાં મને બહુ આનંદ આવ્યો. મેં જઈને મમ્માને બધા સમાચાર સંભળાવ્યા. પછી મમ્માને કહ્યું મમ્મા, મારું દિલ કહી રહ્યું છે કે હું આ ઈશ્વરીય સેવામાં જોડાઈ જાઉં. મમ્માએ મને અતિ ઉત્સાહવર્ધક સલાહ આપી, 'આ તો ખુશીની વાત છે. મનુષ્યને જીવવા માટે શું જોઈએ, ખાવા માટે બે રોટલી અને પહેરવા માટે બે જોડી કપડાં. તે તો યજ્ઞ તરફથી મળી જશે. ભલે આપ સ્વયંનું અને બીજાઓનું કલ્યાણ કરો.' મમ્માના તે પ્રેરણાદાયી બોલ, પોતાનાં સર્વ લૌકિક બંધનોને પ્રેમથી ચૂકતું કરીને મારા માટે મદદગાર સાબિત થયાં. મમ્માની સાથેની તે બેઠક, તે

રુહરિહાન, મારા જીવનમાં એક અમૂલ્ય નિધિ છે. મને બહુ ગર્વ છે કે ઈશ્વરીય સેવામાં પૂર્ણરૂપથી સમર્પિત થવામાં મારાં પ્રેરક અને સહાયકશક્તિ મમ્મા જ હતાં.

## એમના માટે આ જૂની દુનિયાનું કોઈજ અસ્તિત્વ નહોતું.

મુંબઈમાં મમ્મા બે-ત્રણ વાર આવ્યાં. પ્રથમ પ્રદર્શન માટે ચિત્ર સન્ 1964માં તૈયાર થઈ રહ્યાં હતાં. એના માટે મમ્મા કંઈક સૂચનો કરવાની સેવાના હિસાબથી આવ્યાં હતાં. એ સમયની એક ઘટના મને યાદ આવી રહી છે. એકવાર રમેશભાઈની કારમાં અમે જઈ રહ્યાં હતાં. પાછળની સીટ પર મમ્મા અને સામેની સીટ પર હું અને રમેશભાઈ બેઠાં હતાં. વોટરલૂ મેન્શનથી રમેશભાઈના ઘર તરફ જઈ રહ્યાં હતાં. ચૌપાટી થઈને જવું પડતું હતું. ચૌપાટી પર એક જાહેરાતનું બોર્ડ લાગેલું હતું. તે રોજર કંપનીના પીણાની જાહેરાત હતી. એક બોટલમાંથી પ્રવાહી નીચે ગ્લાસમાં પડતું હતું. તેથી બોટલ ખાલી થઈ જતી હતી. આ પ્રકારે ઈલેક્ટ્રોનિક સાધન બનેલું હતું. રમેશભાઈ અને મારા વચ્ચે વાતચીત થઈ રહી હતી કે આપણે પ્રદર્શન માટે એવું જ્ઞાનયુક્ત ચિત્ર બનાવીએ. એના વિશે અમે મમ્માને પૂછ્યું, 'મમ્મા, આ ચિત્ર આપને કેવું લાગ્યું?' મમ્માએ એવો ઉત્તર આપ્યો કે જે અમારા સંકલ્પ અને સ્વપ્નમાં નહોતો. મમ્માએ કહ્યું, 'મમ્મા જે સમયે ક્લાસમાં હોય છે એ સમયે જે દૃષ્ટિ આપે છે નહીં તો મમ્મા માટે આ દુનિયાનું કોઈ અસ્તિત્વ નથી.' જૂની દુનિયા અને દુન્યવી વાતો પર મમ્માનો આવો વૈરાગ્ય હતો.

## નિમંત્રણ પત્ર વગેરેને અંતિમ રૂપ પણ મમ્મા જ આપતાં હતાં.

બાબા એ દિવસોમાં મોટી મોટી વ્યક્તિઓ અર્થાત્ રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય રાજનેતાઓને, ધર્મનેતાઓને તથા સામાજિક કાર્યકર્તાઓને ઈશ્વરીય સંદેશયુક્ત તાર મોકલતા હતા. એ તારોનું વિષયવસ્તુ તૈયાર કરીને બાબા મમ્માને દેખાડતા હતા જો તેમાં પરિવર્તનની આવશ્યકતા હોય તો પૂરી કરતાં હતાં. એ સમયે મમ્મા મુંબઈમાં હતાં. એમની સાથે વિશ્વકિશોર ભાઉ પણ હતાં. એ સમયે એ સમાચાર આવ્યા કે છઠ્ઠા પોપ ભારતમાં આવી રહ્યાં છે. એમને ઈશ્વરીય સંદેશનો એક તાર મોકલવાનો હતો. તારનો સંદેશ મમ્માની સ્વીકૃતિથી મુંબઈ મોકલ્યો હતો. મમ્મા, ભાઉ, રમેશભાઈ અને હું એમ ચારે જણે મળીને તારને અંતિમરૂપ આપ્યું. એ દિવસે રાત્રે બાર વાગે પોપને તાર મોકલ્યો. એ સંદેશમાં હતું, 'આપનું ભારતમાં આવવા બદલ હાર્દિક સ્વાગત છે. ભારત પરમપિતા, પરમશિક્ષક અને પરમ સદ્‌ગુરુની અવતરણભૂમિ છે. જ્યાં આપ આવીને ઈશ્વરીય સંદેશ લઈને પોતાના જીવનને એટલું શ્રેષ્ઠ બનાવી શકો છો કે મુક્તિ અને જીવનમુક્તિ મેળવી શકો છો. આપની આ સેવા માટે બ્રહ્માકુમારી બહેનો ભાઈઓ ઉપસ્થિત છે.' આ ટેલીગ્રામના ફલસ્વરૂપ જગદીશભાઈ અને રમેશભાઈએ પરિશ્રમ કરીને પોપને મળવાની અનુમતિ મેળવી હતી. દાદીજી, નિર્મલશાંતાદાદી, જગદીશભાઈ, રમેશભાઈ, શીલદાદી પોપને મળવા ગયા હતા. એ સમયે એમને અને બીજા બિશપોને ત્રિમૂર્તિ, ગોળો, કલ્પવૃક્ષ વગેરે ચિત્રો વિશેષ સજાવીને ભેટના રૂપમાં આપ્યાં હતાં. એ દિવસોમાં મમ્મા મુરલીને પણ ચેક કરતાં હતાં. ગણમાન્ય વ્યક્તિઓને પત્ર અથવા તાર મોકલવાના હતા તો તેના લખાણને મમ્મા અંતિમ રૂપ આપતાં હતાં. આ સમયે મમ્માનો વિશેષ પાર્ટ રહ્યો. સર્વમાં ઉત્સાહ ભરવાનું, મનોબળ વધારવાનું અને આગળ ચલાવવાનું કાર્ય

(અનુસંધાન પેજ નં. 17 પર)

# યોગી જીવનનો પાયો

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



યોગી આત્મા સંસાર માટે લાઈટ હાઉસ છે. આ વિશ્વને યોગયુક્ત આત્માઓના પ્રકાશની ઘણી આવશ્યકતા છે. સ્વયંને ઈશ્વરીય સુખોથી ભરપૂર બનાવવા અને જન્મ જન્મનાં દુઃખ દૂર કરવા માટે યોગમાં સ્થિરતાની ઘણી જરૂર છે. સંસારમાં દુઃખો વધી રહ્યાં છે. અશાંતિની જ્વાળા મનુષ્યને ભસ્મીભૂત કરે છે. માનસિક તાણ તથા ચિંતાઓ એ જન-જનને પોતાની લપેટમાં લઈ લીધા છે. એમને મદદ કરવા માટે પણ આપણને શક્તિઓની જરૂર છે.

યોગમાર્ગ પર ચાલનારાઓને વ્યર્થ સંકલ્પ વિઘ્નરૂપે સામે આવે છે. યોગસ્થિતિનું સંપૂર્ણ સુખ એકાગ્રતામાં છે. કેટલાયે સાધકો લાંબા કાળની સાધના પછી પણ વ્યર્થથી મુક્ત થઈ શકતા નથી. કોઈ અપવિત્રતા વશ, કોઈ લોભ તથા મોહને વશ વ્યર્થના શિકાર બને છે. કોઈ 'હું' અને 'મારા'ના સૂક્ષ્મ બંધનોથી પોતાને મુક્ત કરી શકતા નથી. તો કોઈ પરચિંતન તથા પરદર્શનની જાળમાં ગૂંચવાયેલા રહી જાય છે. કોઈ સૂક્ષ્મ બંધનોને કાપી શકતા નથી તો કોઈ અન્યત્ર ક્યાંય ગૂંચવાયેલા રહી જાય છે. પરંતુ જેણે યોગી બનવું છે, એણે તો સર્વ રસ્તાઓ બંધ કરીને એક જ રસ્તા પર ચાલવું પડશે. અહીં આપણે મુખ્યત્વે ત્રણે ધારણાઓની ચર્ચા કરીએ છીએ એને અપનાવવાથી યોગમાર્ગ નિર્વિઘ્ન બનીશકે છે. જો યોગનું સુખ મેળવવાની સાચા દિલની ઈચ્છા હોય, તો તેને અવશ્ય અપનાવો.

## બુદ્ધિમાંથી વિષ કાઢી દો

અહીં મહાભારતનું એક દૃષ્ટાંત રજૂ કરું છું. પાંડવોના તેર વર્ષના વનવાસમાંથી છ વર્ષ વીતી ચૂક્યા હતાં. કુંતીનું મન બદલાની અગ્નિમાં સળગી રહ્યું હતું. એના ચિત્તને ચેન નહોતું. એક દિવસ સાંજે તેણે ગંગાના કિનારે બેઠી હતી. ગંગાની શીતળ લહેરો આજે એના મનને શાંત કરી રહી હતી. એને પોતાના વ્યથિત મનની ભાવનાઓને અનુભવ થઈ રહ્યો હતો. તેણી વિચારી રહી હતી કે ધૃતરાષ્ટ્ર, દુર્યોધન, દુઃશાસન, શકુનિઓ મહાપાપી છે. પરંતુ કુદરતના નિયમ અનુસાર એક દિવસ એમને એમનાં કર્મોનું ફળ તો અવશ્ય મળશે. તો હું શા માટે અશાંતિના અગ્નિમાં સળગી રહી છું. મોડું થતાં વિદુર ત્યાં ગયા અને કહ્યું.... ભાભી, ચાલો અંધારું થઈ રહ્યું છે... કુંતીએ કહ્યું, વિદુર મારે તપસ્યા કરવી છે. વિદુરે વિચાર્યું કે કદાચ પુત્રોનો વિયોગ કુંતી સહન કરી શકી નથી તેથી તે પણ પુત્રોની સાથે વનમાં જવાનું ઈચ્છે છે પરંતુ કુંતીએ કહ્યું ,નહીં વિદુર, મેં મારા મનમાં કૌરવો માટે જે ઝેર ભરી લીધું છે તે ઝેર મને વ્યથિત કરી રહ્યું છે. મારે તપસ્યા કરીને એ વિષને કાઢવાનું છે તે પછી જ કુંતીનું મન શાંતિની અનુભૂતિ કરવા લાગ્યું.

અનેકોએ પોતાની અંદર બીજાઓનું વિષ ભરી લીધું છે. કોઈએ વેરભાવ, ઈર્ષ્યા-દ્વેષનું વિષ તો કોઈએ ક્રોધ તથા બદલાની ભાવનાનું વિષ. જ્યાં વિષ હોય, એ દિલમાં પ્રભુનો વાસ કઈ રીતે થઈ શકે? એટલા માટે જેણે અતીન્દ્રિય સુખનો સ્વાદ ચાખવો છે એણે પોતાના ચિત્તને વિષથી નહીં, અમૃતથી ભરવાનું છે.

સ્વયંને તપાસો, જે રીતનું વિષ દિલમાં ભરેલું હશે એ રીતના વ્યર્થ સંકલ્પ ચાલશે. આ સંકલ્પ ચિત્ત તથા બુદ્ધિને ચેનથી રહેવા દેશે નહીં. સાથે સાથે આ વિષ દેહમાં પણ વિભિન્ન વ્યાધિ (રોગો)ને જન્મ આપશે.

## પવિત્રતા યોગયુક્ત સ્થિતિનો આધાર

યોગની સફળતા તથા બુદ્ધિની સ્થિરતાનો નક્કર આધાર પવિત્રતા છે. પવિત્રતાની ખામી મનને વિચલિત કરે છે. પવિત્રતા વગર ખાલી મન અહીં ત્યાં ભટકે છે. યોગમાર્ગમાં સૂક્ષ્મ અપવિત્રતા અનેક વિઘ્નોને પણ જન્મ આપે છે. જ્યાં અપવિત્રતા છે ત્યાં પરમાત્મા પ્રેમ તથા દુઆઓ મળતાં નથી. પવિત્રતા પરમાત્માને પણ આકર્ષિત કરે છે. કેટલાક યોગના પથિકોનું પૂર્વ જીવન કુસંગના કારણે સારું રહ્યું નથી. તે સંસ્કાર તથા સ્મૃતિઓ એમને યોગરસ પ્રાપ્ત કરવા દેતી નથી. કેટલાક યુવકો ખરાબ સાહિત્ય વાંચવામાં અને વ્યસનમાં વ્યસ્ત રહ્યા. એમના વિચાર પણ એમને કુમાર્ગ પર લઈ જાય છે.

તો યોગયુક્ત જીવનના અભિલાષી પવિત્રતાની તપસ્યા કરે. જીવનને કેટલાક નિયમોમાં બાંધીએ. અમૃતવેળાએ સ્વયંમાં શક્તિ ભરીએ અને ઓછામાં ઓછા ત્રણ માસ સુધી કાચો આહાર, ફળ, જ્યુસ તથા ગાયના દૂધ ઉપર રહીએ. તેથી પવિત્રતાની સર્વ સમસ્યાઓ સમાપ્ત થઈ જશે. એક યુવકે મને જણાવ્યું કે તે ઘણા દિવસથી માત્ર ગાયના દૂધનું જ સેવન કરે છે એનાથી એની પવિત્રતા ઘણી મજબૂત થઈ ગઈ છે. વ્યર્થ સંકલ્પ સમાપ્ત થઈ ગયા છે. પવિત્રતાથી અભ્યાસ સહજ બની જાય છે. પરંતુ આખા દિવસમાં દસ દસ મિનિટ સુધી ચાર વખત યોગનો અભ્યાસ કરે. મનન સાધનથી સાધના સહજ બની જશે. સાથે સાથે યુવકોએ તો અવશ્ય આસન તથા પ્રાણાયામ પણ કરવા જોઈએ તથા પેટ સારું રહે તેનું પૂરું ધ્યાન રાખવું જોઈએ.

## વ્યર્થ વાતોથી દૂર રહીએ.

વ્યર્થ વાતોમાં સમય વ્યતીત કરનારા તો યોગી બનવાનું સ્વપ્ન પણ જોઈ શકતા નથી. કેટલાની પાસે તો વ્યર્થનો ભંડાર જ હોય છે. તેઓ જ્યારે પણ કોઈને મળે છે. મુખમાંથી ધૂમાડો (વ્યર્થ વાતો) જ કાઢતા રહેશે. મહિલાઓમાં એનું પ્રમાણ વધારે છે. ચાર ચાર કલાક સુધી વાતો કરવા છતાં પણ એમની વાતો સમાપ્ત જ થતી નથી. આપણે આપણા મનને શા માટે કચરાપેટી બનાવવું જોઈએ. એમને કહી દો કે મારું મન અત્યારે ભગવાનને બેસાડવા માટે છે. અન્ય વાતો માટે નહીં. લોકો એવું સમજે છે કે વાતો કરવાથી મન હળવું થાય છે તથા ખુશી પણ મળે છે. પણ આપણે વાતો એકઠી શા માટે કરીએ, જેથી તેને ખાલી કરવી પડે અને જ્યાં સુધી ખુશી મળવાની વાત છે. સત્ય તો એ છે કે એનાથી ખુશી મળતી નથી ખુશી જાય છે.

ભગવાનુવાચ છે - જ્યાં વાતો છે ત્યાં બાપ (પરમપિતા પરમાત્મા) નથી. સ્વયંને પૂછો કે આ મહાન તથા સુંદર સમયમાં આપણે વ્યર્થની વાતોની જરૂર છે કે પરમાત્મા પિતાની જરૂર છે. જો પ્રભુમિલનનું સુખ ઈચ્છીએ છીએ તો વ્યર્થ વાતોને, વિનાશી સુખને તિલાંજલિ આપવી પડશે. વાતોમાં રહેનાર જ્ઞાન-ચિંતનનું પણ સુખ લઈ શકતા નથી. એમની વાણીનો પ્રભાવ પણ પડતો નથી. જ્યારે યોગયુક્ત આત્માનાં વચન વરદાન બની જાય છે.

તો યોગમાર્ગ પર સફળતાનો હાર પહેરવા માટે ઈચ્છુક આત્માઓએ આ ત્રણ ધારણાઓ ઉપર વિશેષ ધ્યાન આપવું જોઈએ ત્યારે આપણે યોગબળ એકઠું કરી શકીશું. આ યોગબળ જ

**(અનુસંધાન પેજ નં. 05 પર)**

### પ્રસન્નતાના પથ પર

# પોતાના સંકલ્પોના રચયિતા આપણે સ્વયં છીએ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



જ્યારે આપણે જૂની દુનિયાની વાત કરીએ છીએ તો આપણને એવું લાગે છે કે કદાચ ખુશી આપણા હોઠ સુધી સીમિત છે. જ્યારે હું બાળકોની સાથે હોઉં છું. ત્યારે ખિલ-ખિલાહટ(પ્રસન્નતા) થાય છે. ખુશી ત્યાં સુધી સીમિત રહે છે. પણ તે માત્ર ખિલ-ખિલાહટ છે ખુશી નથી. ખુશી અંદરની અનુભૂતિ છે તેને સ્વયં હું નિર્મિત કરું છું. એની રચના માટે મારે મારા સંકલ્પો પર ધ્યાન આપવું પડે છે.

પરિસ્થિતિઓ આવે છે. લોકો આપણી સાથે સારો ખરાબ વ્યવહાર કરે છે તો ત્યાં ક્યાંકને ક્યાંક આપણું જીવન આપણા નિયંત્રણથી બહાર જાય છે. પછી એ વિચારો ચાલે છે કે છેવટે આવું જીવન ક્યાં સુધી ચાલશે. પછી આપણે ખુશીની વિપરીતવાળી અનુભૂતિ, પછી તે ચિંતાની છે, ભયની છે એનો સ્વીકાર કરવાનું શરૂ કરીએ છીએ. કારણ કે પરિસ્થિતિને આધારે વિચારો ચાલે છે. પરિસ્થિતિ સદા આપણને સાથ આપવાની નથી. સંબંધોમાં દરેક વાતો મારી ઈચ્છા મુજબ ચાલે તે શક્ય નથી. લોકો હંમેશા મારી આશાઓને પૂરી કરતા રહે આ બનવાનું નથી. હું જેમ વિચારું તેવો તમે વ્યવહાર કરો એ શક્ય નથી. આપણી ખુશી આપના વ્યવહાર પર નિર્ભર છે. આ આપણા માટે ઘણો મોટો પ્રશ્નાર્થ છે. આપણે જેવા સંકલ્પ જન્માવીએ છીએ તેવી પરિસ્થિતિ બહારથી આવે છે. જો આપણે સ્વયંને જોઈએ અને સ્વયંને બદલવાનું શરૂ કરીએ તો પરિસ્થિતિમાં આપણે થોડો સારો અનુભવ કરી શકીએ તેમ બનશે.

વિચારમાંથી સંવેદના બને છે. સંવેદનાથી કાર્ય થાય છે. કાર્યથી ટેવ પડતી જાય છે. હવે પ્રશ્ન એ થાય છે કે ગુસ્સો આપણી ટેવ કેમ બની છે ? આપણે ક્યાંય થોભ્યા નથી. પોતાના સંકલ્પોને તપાસ્યા નહીં. એને બદલ્યા નહીં તમે તમારી ડાયરીમાં એ લખી રાખો કે દસ મિનિટ સવારે અને દસ મિનિટ સાંજે પોતાની સાથે આપણે સમય પસાર કરીશું. એનાથી આપનાં બધાં કાર્ય હળવાં થઈ જશે. આમ નહીં થાય તો તમે સાધારણ રીતે જ ચાલતા રહેશો. જો આપણે જે પરિસ્થિતિ આપણા વશમાં નથી તેનું આજની દિનચર્યાનું આપણે પુનરાવર્તન કરીએ છીએ. તેમાં આપણે પરિસ્થિતિ અને બીજા લોકોને જોઈએ છીએ. મારે માત્ર એટલું જ જોવાનું છે કે તે પરિસ્થિતિમાં હું કેવો વ્યવહાર કરી શકું છું. મેં ગુસ્સો કર્યો. જો ગુસ્સો ના કર્યો હોત તો કામ તો થવાનું જ હતું. એને અમલમાં લાવવા માટે આપણે ધ્યાન રાખવાનું છે. આપણે પરિસ્થિતિઓ વિશે ચિંતન કરવાનું નથી. બીજાઓએ શું કહ્યું તે મારે જોવાનું નથી. મેં કેટલું ગ્રહણ કર્યું તે જ મારે જોવાનું છે.

જો આપણે એવું નથી કરતા તો આપણે દુઃખની અનુભૂતિ કરતાં કરતાં સૂઈ જઈશું અને જ્યારે આપણે સવારે ઉઠીશું તો શિરમાં દર્દ પેદા થશે. જ્યારે આપણે એ વ્યક્તિને ફરીથી મળીશું તો તે દર્દ એક વ્યક્તિ માટે ફરીથી ઉત્પન્ન થશે. દર્દથી મુક્તિ મેળવવા માટે સ્વયં સ્વયં સાથે આ

(અનુસંધાન પેજ નં. 23 પર)

# રાજયોગી જગદીશચંદ્રજી (દિલ્હી)ને સ્મરણાંજલિ

બ્ર.કુ. આત્મપ્રકાશ, સંપાદક - 'જ્ઞાનામૃત' - શાંતિવન, આબુરોડ.



રાજયોગી જગદીશચંદ્રજી સાથે મારું પ્રથમ મિલન 1957માં થયું. માતેશ્વરી જગદંબા સરસ્વતીજી અને પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્મા એ સમયે દિલ્હીના રાજૌરી ગાર્ડન સેવાકેન્દ્રમાં આવ્યા હતાં. તે વખતે હું પણ બાબાને મળવા ગયો હતો ત્યાં તેમની મુલાકાત થઈ. તેઓ ઘણા પ્રેમથી મને ગળેથી ભેટ્યા. ત્યારે મને એવી અનુભૂતિ થઈ કે લાંબા સમયથી વિખૂટા પડેલા અતિ સ્નેહી ભાઈએ મને પ્રેમ કર્યો છે. વિદ્યાલયની પહેલી હિન્દી પત્રિકા 'ત્રિમૂર્તિ' એ સમયે એમના સંપાદન તળે પ્રકાશિત થતી હતી. પત્રિકાના લેખોની ગુહ્યતા અને સ્પષ્ટતાથી હું બહુ પ્રભાવિત થયો હતો. એમના દ્વારા લખાયેલી 'સચ્ચી ગીતા' અને Real Geetaનું પણ અમે અધ્યયન કરી ચૂક્યા હતા. આ બે પુસ્તકોએ પણ મને વધારે પ્રેરણા આપી. એટલે મનમાં એમના પ્રશંસક તો અમે હતા જ પણ જ્યારે એમની સાથે સન્મુખ મિલન થયું તો અમારી પ્રસન્નતા ઘણી વધી ગઈ.

1962માં પ્યારા મીઠા સાકાર બાબાએ સાહિત્યની સેવા માટે એમની પાસે મોકલ્યો. એ સમયે લગભગ 2 વર્ષ એમના અંગસંગ રહીને વિભિન્ન ઈશ્વરીય સેવાઓનો અનુભવ મેળવ્યો. એમના ત્યાગમય, ઉચ્ચ ધારણાઓવાળા જીવનથી લાભાન્વિત પણ બન્યો.

કોઈપણ વ્યક્તિની સાથે કાર્યક્ષેત્રમાં રહીને એમના વૈવિધ્યસભર ગુણોને જોયા એનો અમીટ પ્રભાવ અમારા માનસપટમાં ગહનતાથી અંકિત થાય છે. રાજયોગી જગદીશચંદ્રજીના જીવનની આવી વિશેષતાઓની એક લાંબી સૂચિ છે. તેઓ **મહાન જ્ઞાની, મહાન રાજયોગી, મહાન લેખક, મહાન પ્રવક્તા અને મહાન સેવાધારી હતા.** એમ કહેવાય છે કે Writing makes a man perfect એમની કલમથી ગહન રહસ્યો અભિવ્યક્તિને પામ્યાં. એ સમયે અમે પહેલી નજરમાં અજાણ વ્યક્તિઓને પણ પરમપિતા પરમાત્માની તરફ આકર્ષિત થતાં જોયાં. કેટલીક વાર તો પ્રતિષ્ઠાવાન લોકો એમને મળતા અને જ્ઞાનચર્ચામાં એમનાથી પ્રભાવિત થતા હતા. તેઓ ત્યાં સુધી કહેતા કે **અમે આપનામાં સાક્ષાત્ ઈશ્વરને જ જોઈ રહ્યા છીએ.** મારે જ્યારે પણ તેમને મળવાનું થતું હતું, તો જ્ઞાનની ચર્ચા તો થતી હતી. એકવાર એમણે કહ્યું કે એકાગ્રતા કોને કહેવાય છે ? પછી એમની મેળે જ એકાગ્રતાનું સ્પષ્ટીકરણ કર્યું કે કોઈ પણ એક જ્ઞાનબિંદુ પર નિરંતર ચિંતન ચાલતું રહે તેને એકાગ્રતા કહેવાય છે. આ સમયે બીજી વાત બુદ્ધિમાં આવે છે તો તેને દૂર કરો. તેઓ એ પણ કહેતા હતા કે જો આપને સારી અનુભૂતિ થઈ રહી હોય અને વચ્ચે ગમે તે કારણથી સફેદ લાઈટ થઈ જાય છે તો તમે પોતાની અનુભૂતિની સ્થિતિમાં આનંદમાં મગ્ન રહો. નીચે આવો નહીં. અર્થાત્ દેહના ભાનમાં આવશો નહીં. એમની પાસે બેસવાથી જ યોગસ્થ સ્થિતિનો અનુભવ થઈ જતો હતો કારણ કે આપણો યોગ પણ લાગી ગયો હતો. મારા પ્રારંભકાળમાં જ્યારે દિલ્હીમાં અનેક સ્થળોની જાણકારી માટે મને સાથે લઈને જતા અને જણાવતા કે અહીં પત્રિકાનું છાપકામ થાય છે. અહીં બ્લોક ( હાલ લેસર કંપોઝ ) બને છે. આમ

ઘણી જગ્યાએ ચાલતા જવાનું થતું હતું. એ સમયે તેઓ પોતાના લાંબા ઊંચા હષ્ટ-પુષ્ટ શરીરથી ચાલતા હતા. એમની ચાલવાની ઝડપ એટલી હતી કે મારે એમની પાછળ દોડવું પડતું. તેઓ દરેક કાર્ય તીવ્ર લગન અને ઉમંગ ઉત્સાહથી પૂરું કરતા. એમણે ઈશ્વરીય જીવનનાં 50 વર્ષોમાં પોતાનાં તન, મન, ધન, શ્વાસ, સંકલ્પ સર્વ કાંઈ વિશ્વસેવામાં અર્પણ કરી દીધું. સંસાર રંગમંચ પર આવનારા દરેક પાર્ટધારીને શરીર તો છોડવું પડે છે. આ અટલ સત્ય છે. પરંતુ શરીર છોડીને પણ માનવ પોતાની કુશળતા સત્યતા, કર્તવ્ય પરાયણતા, દૂરંદર્શિતા, નિર્ભયતા, અડોલતા, સર્વપ્રત્યે સાચો આત્મિક પ્રેમ, પવિત્રતા, હૃદયની વિશાળતા, ત્યાગ, પોતાનાપણું વગેરે ગુણોની પોતાની સૂક્ષ્મ તસ્વીરને સંસાર રંગમંચ પર મૂકીને જાય છે. તે સદા માટે સૌના પ્રેરણાસ્ત્રોત બની જાય છે. દૃશ્યથી ઓઝલ (અદૃશ્ય) હોવા છતાં મનથી ઓઝલ થતા નથી. નાના અસ્તિત્ત્વને લુપ્ત થવા છતાં એમના ગુણ અને વિશેષતાઓનો પ્રભાવ સાગરનાં મોજાંની જેમ ઉછાળા મારે છે. મન રૂપી કિનારાને સ્પર્શ કરી જાય છે. ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં બેગરી પાર્ટ (આર્થિક સંકટ)માં સમર્પિત થનારા પ્રથમ સમર્પિત બ્રહ્માકુમાર ભ્રાતાજીનું જીવન સાદગી અને મિતવ્યયતા (ઓછું ખર્ચાળ) હતું. જે કાર્ય કરવામાં આવે તે ઉત્તમ અને ઓછા ખર્ચમાં થવું જોઈએ એવી એમને સદા ઈચ્છા રહેતી હતી. તેઓ સમયપાલનના આગ્રહી હતાં. જ્યારે કોઈ કાર્ય પૂર્ણ કરીને એમની સામે જતા હતા તો એમની પારખવાની શક્તિ, કામમાં રહી ગયેલી ભૂલોને જાણી જતા હતા. તેઓ દરેક કાર્યમાં પરફેક્શન ઈચ્છતા હતા. એમની આ ઈચ્છાને પૂર્ણ કરવા અથાક પ્રયાસો કરવા છતાં પણ આરંભકાળમાં કેટલીક વાર મને સફળતા મળતી નહોતી પરંતુ એમના માર્ગદર્શનમાં કરેલાં પાછલાં વર્ષોનાં મારાં કાર્યથી તેઓ બહુ પ્રસન્ન હતા. છેલ્લાં બે વર્ષો (તત્કાલીન)માં હિન્દી અને અંગ્રેજી ભાષામાં નવાં નવાં પુસ્તકો છપાતાં હતાં. એમને આભાસ થયો હતો કે હવે વધારે દિવસો આ શરીરમાં રહીશ નહીં. હું પણ એમની આંતરિક ભાવનાને સમજી ગયો હતો. હું એમણે સોંપેલાં કાર્યો સૌ પ્રથમ કરતો હતો. શરીર છોડવાના લગભગ એક માસ પૂર્વ જ્યારે હું સુખધામ, મધુવનમાં એમને મળવા ગયો અને ભિન્ન ભિન્ન પ્રકારનાં છપાયેલાં પુસ્તકો આપ્યાં અને કહ્યું કે - 'ભાઈ સાહેબ, અમે તો ભરતની જેમ આપના કાર્યને સંભાળી રહ્યા છીએ.' એમણે ઘણા પ્રેમથી કહ્યું, 'આત્મ ! મને એ વાતની ખુશી છે કે તમે પણ ઘણા અનુભવી છો, જ્ઞાનામૃતની ગ્રાહક સંખ્યા પણ ઘણી વધી રહી છે. અને એનું સ્તર પણ ઘણું સારું થઈ ગયું છે. પુસ્તકો પણ સારી રીતે છપાય રહ્યાં છે.' આ પ્રકારે એમની સંતુષ્ટતાથી મળનારી દુઆઓથી હું ઘણો ગદ્‌ગદ્ થઈગયો. શરીર છોડવાના એક સપ્તાહ પહેલાં પૂછ્યું કે 'કાર્ટૂન અને કહેવતો' પુસ્તક કેટલું છપાયું છે. મેં કહ્યું હાલ તેનું છાપકામ ચાલું છે. 'જલદી દરો.' એવો આદેશ મળતાં મેં ત્રણ દિવસમાં પુસ્તક છાપીને એમને આપ્યું. એમના મુખમાંથી નીકળ્યું, 'ચાલો, આ કાર્ય પણ પૂરું થયું. મને ધન્યવાદ આપ્યા. આ રીતે તેઓ અંત સુધી સેવામગ્ન રહ્યા. તેઓ પુસ્તકો, લેખો, અનુભવોના રૂપમાં એટલો જ્ઞાન ખજાનો આપણને આપીને ગયા છે કે આવનારા ઘણા સમય સુધી આપણે લાભાન્વિત થઈશું. એમના દ્વારા નિર્મિત ઈશ્વરીય બંધારણ, એમનું પોતાનું નષ્ટોમોહા, સ્મૃતિર્લબ્ધા સ્વરૂપ, ઈશ્વરીય નિયમ, ધારણાઓમાં વજની સમાન અડોલ જીવન આપણને હંમેશા પ્રેરણા આપતું રહેશે. અંતિમ શ્વાસ સુધી એમને સતત

(અનુસંધાન પેજ નં. 14 પર)

# મમ્માના દરેક બોલ વરદાન બની ગયા

## બ્ર.કુ. કૈલાશબેન, ગાંધીનગર



મેં જ્યારે આ યજ્ઞમાં સમર્પિત થવાનું વિચાર્યું ત્યારે તાઉજીનું બંધન યાદ આવી ગયું. આમ છતાં બાબાનો સાથ અને મદદ મળી. અમારા તાઉજીની એવી ઈચ્છા હતી કે હું ધૂમધામથી બેટીનાં લગન કરાવું. પણ હું મનમાં એ નિશ્ચય કરીને બેઠી હતી કે ગમેતે થાય પણ મારે બ્રહ્માકુમારી બહેનો જેવા બનવું છે. મારે બાબાની બહુ જ સેવા કરવી છે. મિત્ર સંબંધીઓનો મને સાથ મળતો નહોતો. બધા જ વિરોધી બની ગયા. મારા માતા-પિતાની ઈચ્છા હતી કે અમારી પુત્રી બ્રહ્માકુમારી બને. કોઈપણ સેવા કરતાં મને અલૌકિક ખુમારી ચઢતી હતી. ભણેલી ગણેલી નહોતી એટલે મનમાં મૂંઝવણ થતી હતી. મને અંદરથી એવો વિચાર આવ્યો કે મારા બંધનની વાત હું બાબા મમ્માને સંભળાવું. મેં બાબા-મમ્માને પત્ર લખાવડાવ્યો કે હું ભણેલી નથી. મને કંઈ આવડતું નથી. મારે હંમેશા માટે સેન્ટરમાં રહેવું છે. હું શું કરું? અને કઈ વાતોનું ધ્યાન રાખું?

કેટલાક દિવસો પછી મમ્માનો પત્ર આવ્યો. મમ્માએ ઘણા જ પ્રેમથી પત્ર લખ્યો હતો. ઘણી મીઠી, સારું જીવન બનાવવા માટે ધ્યાન ખેંચે તેવી વાતો પત્રમાં લખી હતી. મેં એક બહેન દ્વારા આખો પત્ર વંચાવડાવ્યો. પહેલાં તો મમ્માએ એ લખ્યું હતું કે બેટી, તું તારા ઘેરથી બાબાના ઘેર (સેન્ટર) જાય તો સદા યાદ રાખજે કે મારે સદાકાળ માટે અહીં જ રહેવાનું છે. તારે એ વિચારવાનું કે બાબાના ઘર સિવાય મારું કોઈ ઘર નથી. બાબા મમ્મા અને દૈવી પરિવાર સિવાય મારો અન્ય કોઈ પરિવાર નથી. બીજું બાબાએ લખ્યું હતું કે તું જીવિત બાબાના ઘેર આવી હતી. હવે મરતાં જ બહાર નીકળવાનું છે. બેટી એ



વાત યાદ રાખ કે તારે સેવા માટે ઘણી જગાએ જવું પડશે. તારે એક ઘરની વાત જે ઘર જાય ત્યાં કરવાની નથી. આ સર્વ વાતો -શ્રીમતનું યથાર્થ પાલન કરીને બાબાના ઘેર રહીશ. જેમ કન્યાનાં લગન થાય છે તો શ્વસુર ઘરમાં આવે છે, ત્યારે જ તે બધાંને ખુશ કરી શકે છે. આ રીતે જ્યાં પણ બાબા મોકલે, જેવી રીતે રાખે,જેવું પણ સ્થાન હોય, જે પણ સાથી હોય, તારે સૌની સાથે હળીમળીને રહેવાનું છે. સર્વ સાથે સ્વભાવ, સંસ્કારનું મિલન કરવાનું છે. બસ એ જ દિવસથી આજ સુધી બાબા-મમ્માની શ્રીમત મને યાદ રહે છે. આ બોલ કોઈ સાધારણ બોલ નહોતા. પણ બાબા-મમ્માના બોલ મારા માટે વરદાન બની ગયા. તેની આજે પણ અનુભૂતિ કરું છું. **॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 13નું અનુસંધાન)...રાજયોગી જગદીશ** લાગ્યા કરતું હતું કે હું શિવબાબાને સંપૂર્ણ જગતમાં પ્રત્યક્ષ કરી શક્યો નહીં. સાચા સ્નેહીના રૂપમાં હવે આપણે એમની 'પરમાત્મ-પ્રત્યક્ષતા'ને પૂર્ણ કરવા દૃઢ સંકલ્પ કરીએ. તે માટેના પ્રયાસોમાં જોડાઈ જઈએ. એમણે 12, મે, 2001ની સાંજે 8.05 કલાકે એમના પાર્થિવ દેહનો ત્યાગ કર્યો હતો. આ મહાન આત્માને સ્મરણાંજલિ પાઠવતાં ધન્ય થઈ જઈએ છીએ. **॥ ઓમશાંતિ ॥**

# આધ્યાત્મિક કન્યા શિક્ષણગૃહ - નડિયાદ

બ્ર.કુ. ચંદ્રવદન ચોકસી, નડિયાદ

નડિયાદ નગરની મધ્યમાં, ગુરુકૃપા સોસાયટીમાં, આજથી 28 વર્ષ પૂર્વે 1989ના જૂન માસથી માત્ર 6 કન્યાઓથી શરૂ કરવામાં આવેલ કન્યા છાત્રાલયમાંથી અત્યાર સુધીમાં સેંકડો કન્યાઓએ આધ્યાત્મિક વાતાવરણમાં સ્નેહભરી સંભાળ નીચે, સંસ્કાર સિંચન અને બહુમુખી વ્યક્તિત્વ વિકાસ દ્વારા જીવન ઘડતર કર્યું છે. પચાસ જેટલી કન્યાઓ માટે સુચારુ રૂપે સગવડ ધરાવતા આ છાત્રાલયમાં 2001 થી 2005 - પાંચ વર્ષ સુધી 'બ્રહ્માકુમારીઝ ટ્રેઈનીંગ' ના 6 માસ સુધીના કોર્ષનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંથી શિવ પરમાત્માના વિશ્વ પરિવર્તનના મહાન સેવાકાર્યમાં અનેક કન્યાઓએ પોતાનું જીવન સમર્પિત કરેલ છે. આજે પણ ગુજરાત અને ગુજરાત બહારના સેવાકેન્દ્રોમાં તેઓ સેવારત છે.

ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારે પણ કન્યા કેળવણીનું મહત્ત્વ સમજી અનેક પ્રકારે પ્રોત્સાહન આપી સહાયની યોજનાઓ બનાવી છે. માતા-પિતા પણ કન્યા કેળવણીનું મહત્ત્વ સમજવા લાગ્યાં હોવાં છતાં તેઓ મનમાં પ્રવર્તમાન સમયના કલુષિત વાતાવરણમાં પોતાની કન્યાઓના સંસ્કાર અને સુરક્ષા સંબંધી સતત ચિંતા રહેતી હોય છે. બ્રહ્માકુમારી સંસ્થા સાથે જોડાયેલાં તેમજ સંપર્ક-સંબંધ ધરાવતાં વાલીઓ પોતાની કન્યાઓને આ વ્યક્તિત્વની સાથે સાથે સંસ્કાર સિંચન અને આધ્યાત્મિક વિકાસની અનેક તકો પ્રાપ્ત થાય છે. શારીરિક, બૌદ્ધિક, સામાજિક તથા સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ભાગ લઈ પુરસ્કારો તથા પ્રમાણપત્ર પ્રાપ્ત કરે છે. માઉન્ટ આબુમાં જઈ સ્ટેજ પર પોતાના કૌશલ્યોની અભિવ્યક્તિ કરતી રહે છે. અહીં તેઓને સમૂહજીવનમાં સ્વચ્છતા, સાદગી, સ્વનિયંત્રણ, પ્રામાણિકતા, પરોપકાર અને નૈતિકતાના પાઠો શીખવા મળે છે.

આજ સુધીમાં સેંકડો કન્યાઓએ અહીંની કન્યા હોસ્ટેલમાં રહીને જીવનની કેળવણી પ્રાપ્ત કરી વિકાસ કર્યો છે. તેમાંથી કેટલીક કન્યાઓએ પરમાત્માના આ યજ્ઞમાં જીવન પણ સમર્પિત કર્યું છે. આવું શ્રેષ્ઠ ઈશ્વરીય કાર્ય અવરોધોની વચ્ચે પણ ઉમંગ ઉત્સાહથી સતત ચાલી રહ્યું છે, જે પરમાત્માની કૃપાનું જ પરિણામ છે.

હવે વાંચો, કન્યા શિક્ષણગૃહમાં રહેતી બે કન્યાઓના અનુભવો.

### કુમારી નંદિની

મૈં આન્ધ્ર સે ઈધર હોસ્ટેલ મેં આઈ. મુઝે હિન્દી લેંગ્વેજ નહીં આતી થી. સિર્ફ સમજમેં આતી થી. બોલના નહીં આતા થા. સિર્ફ ઈંગ્લીસ ઔર તેલગુ ભાષા હી સમજતી થી. હોસ્ટેલમેં જબ આઈ, દૂસરે દિન અમૃતવેલે ઊઠના થા. મૈંને કિસી ઔર કો નહીં કહા કિ મુઝે ઉઠાના. સિર્ફ બાબા સે કહા કિ મુઝે ઉઠાના, તો મુઝે તીન બજે ઉઠાયા. મૈં આન્ધ્ર મેં સેન્ટર જાતી થી. મુરલી મેં બાબાને કહા થા - વો યાદ કિ બાપકો સાથી બનાયેંગે તો ઉસકી મદદ મિલ જાયેગી.

પહેલી બાર ઘર સે ઈતની દૂર ગુજરાત મેં આઈ હૂઁ. યહાં પર બાબાને બહેનો દ્વારા મુઝે ઈતની પાલના દી કિ મુઝે દિપાવલી તક ઘર કી યાદ હી નહીં આયી. મૈં જબ ભી એકઝામ દેને જાતી હૂં તો બાબા કો સાથ લેકર જાતી હૂં. તબ મુઝે ઓટો ભી તુરંત મિલ જાતી હૈ. બાકી કે સમય મેં તો રાહ

દેખની પડતી હૈ. મેરે પ્રોફેસર્સ અચ્છી તરહ ઈંગ્લીશ મેં પઢાતે હૈં તો મેરી સમજમેં આ જાતા હૈ. બાયોલોજી કી મેડમ ઈંગ્લીશ-ગુજરાતી મિક્સ બોલતી હૈ તો મુઝે સમજમેં નહીં આતા. ફિર 'મૈં માસ્ટર જ્ઞાન સ્વરૂપ આત્મા હૂં' ઈસ સ્વમાન કા અભ્યાસ કરને લગી તો અબ મિક્સ ભાષા ભી સમજ લેતી હૂં ઔર અચ્છે માર્ક્સ ભી આને લગે.

બાબા મેરે દિલકી બાત ભી સુનતે હૈં ઔર મેરે હર પ્રશ્ન કે જવાબ મુરલી મેં દેતે હૈ, ઘર સે જ્યાદા મુઝે હોસ્ટેલમેં પુરુષાર્થ કા સમય મિલા. યહાઁ નઈ નઈ કઈ બાતે મુઝે શીખને કો મિલી. કૈસે સેવા કરની હૈ, સચ્ચાઈ સફાઈ સે કૈસે રહના હૈ, હાઁ જી કા પાઠ પક્કા કરના - યહ સબ યહાઁ શીખા. કો-ક્યુરીક્યુલર એક્ટીવીટીઝ મેં ભી મુઝે મજા આતા હૈ - જૈસે ડાન્સીંગ, સિંગીગ, પ્લેઈંગ વગેરા.

યહાઁ બાબા કે સાથકા, મદદકા મુઝે છોટા-છોટા બહુત અનુભવ હુઆ, જો આંધ્રપ્રદેશ મેં નહીં હોતી થી. મૈં મહેસૂસ કરતી હૂઁ કિ બ્રાહ્મણ જીવન બાબાકા અનમોલ ગિફ્ટ હૈ, હીરેતુલ્ય જીવન હૈ.

## કુમારી ધ્વનિ

હું પંચમહાલ જિલ્લાના મલાવ ગામમાંથી આવી છું. મારા માતા-પિતાથી દૂર એકલી કદી રહી નથી. તેથી અહીં કન્યા છાત્રાલયમાં શરૂઆતના દિવસોમાં મને ગમતું નહોતું. મને અહીં આવવાની પ્રેરણા મારા મોટા કાકા (બિપિન મામા)એ આપી હતી. ધોરણ દસ સુધી હું ઘરેજ રહીને અભ્યાસ કરતી. હું ખૂબ જ શરમાળ હતી, કોઈનીય સાથે હળતી-ભળતી નહોતી. ખૂબ જ શરમાતી. અહીં ધો. 11માં દાખલ થઈ. સેવન ડેઝ કોર્સ પણ અહીં કર્યો. સંગઠનમાં રહેતાં શીખી. ધીરે-ધીરે મને અહીંનું વાતાવરણ સુખદ ગમવા લાગ્યું. લૌકિક સ્ટડીની સાથે સાથે આધ્યાત્મિક જ્ઞાન અને અધર એક્ટીવીટીઝમાં આગળ વધવા લાગી. અહીં રસોઈ, સાફ-સફાઈ, અમૃતવેલા અને નુમાશામ યોગ, ગીત-સંગીત, વક્તૃત્વ સ્પર્ધા - ગરબા-ડાન્સ, રમતગમત વગેરેમાં ભાગ લેવા લાગી. જુદા-જુદા વક્તાઓને બોલાવીને પરીક્ષામાં યાદ શક્તિ વધારવાના કાર્યક્રમો, ગીત-સંગીત, ગરબા-ડાન્સ શીખવાની અમને ટ્રેઈનીંગ આપવામાં આવે છે. મધુબનથી આવનાર દાદીઓ તથા મહારથીઓના ક્લાસીસ અમને મળે છે. હાલ હું બી.કોમ. સેમિસ્ટર-6, ઈંગ્લીશ મિડિયમમાં અભ્યાસ કરું છું. હવે મેં મારા જીવનનું લક્ષ્ય નક્કી કરી લીધું છે કે આ જીવન પરમાત્માના સેવામાં જ સમર્પણ કરી સફળ કરીશ.

જેમ બ્રહ્માબાબાએ ઓમ મંડલીની સ્થાપના કરી હતી ત્યારે કન્યાઓ માટે હોસ્ટેલ ખોલી હતી. એ કન્યાઓ આજે દાદી-દીદી બની વિશ્વ સેવામાં જીવન સફળ કરી આદિરત્ન બની ગયાંછે. તેમ અમે પણ નિમિત્ત પૂર્ણિમાદીદી, સંધ્યાદીદી, બાબા-મમ્માની પાલનાથી પ્રેરિત જીવનને પરમાત્માના સેવાકાર્યમાં બલિહાર કરીશું.

અહીં આવ્યાથી હું પોતાને ખૂબ જ લકી માનું છું. મનમાં એક જ ગીત ગુંજે છે...'હમ હૈ બાબા કી પરિયાં, પરિયોં કા જીવન ન્યારા..'

## કુમારી શિવાની

હું સેવાલિયાથી કન્યા છાત્રાલયમાં જૂન, 2019થી આવી છું. ધોરણ 8માં દાખલ થઈ છું. 13 વર્ષની ઉંમરે મારે ઘરથી દૂર આવી. મારા પરિવારમાં ઝગડા બહુ થતા તેથી હું ટેન્શનમાં રહેતી. મને લાગ્યું કે મારે શાંત જગ્યાએ જવું જોઈએ. પરંતુ અહીં શરૂઆતના દિવસોમાં મને નહોતું ગમતું હું ખૂબ રડતી હતી. મને આદરણીય સંધ્યાબેન તથા અન્ય બ્રહ્માકુમારી બહેનો

સમજાવતાં. ધીરે-ધીરે સ્કૂલ અને હોસ્ટોલમાં મને ગમવા લાગ્યું.

હું ઘરે એકલી-એકાંતમાં રહેતી. અહીં સંગઠનમાં હળીમળીને રહેતાં શીખી. ઘરે ભાઈ-બહેનો સાથે ઝગડા કરતી હતી. અહીં બધાંની સાથે મને ફાવી ગયું છે. મારો સ્વભાવ સુધરી ગયો છે. અહીં આવીને મને નવા-નવા કામ કરતાં, ઉમંગ-ઉત્સાહમાં રહેતાં શીખી, મારાં લૌકિક-અલૌકિક જીવનમાં પ્રગતિ છે. મારો એક અનુભવ સંભળાવું. પરીક્ષાનું મને ખૂબ ટેન્શન રહેતું 50 માર્કસના પેપર્સની પરીક્ષા આવી. બીજે દિવસે ગણિતનું પેપર હતું. ગણિત મારાં માટે ટેન્શનનો વિષય. ટેન્શનમાં રાત્રે માથું દુઃખવા લાગ્યું. બધાં કહે હવે સૂઈ જા. કાલે પરીક્ષા છે. પણ મેં માન્યું નહીં મોડે સુધી જાગતી રહી. બીજે દિવસે સ્કૂલે પરીક્ષા પહેલાં બાબાને કહ્યું, 'બાબા મુઝે ગણિત નહીં આતા, આપ મદદ કરો. મૈંને સિર્ફ પેન પકડી હૈ, આપકો લિખના હૈ.' થોડા દિવસ પછી રિઝલ્ટ આવ્યું, હું બહુ ખુશ થઈ ગઈ. ગણિતમાં ક્યારેય 30 થી વધુ માર્ક્સ આવેલા નથી આ વખતે 50 માંથી 42 હતાં ! થોડા દિવસ પછી સ્પોર્ટસમાં સ્પર્ધામાં લંગડી દોડમાં મેં ભાગ લીધો મને મેડલની સાથે સર્ટિફિકેટ પણ મળ્યું. નડીઆદમાં સબઝોન સેવા સંકુલ પ્રભુ શરણમ્માં અવારનવાર થતાં કલ્ચરલ પ્રોગ્રામમાં ભાગ લેવાથી મારો સ્ટેજ ફિઅર પણ ગાયબ. અહીં મોટી-મોટી હસ્તીઓનાં પ્રવચનો સાંભળી ખૂબ મોટીવેશન મળે છે.

2020 જૂનથી કન્યા શિક્ષણગૃહમાં પ્રવેશ મેળવવા માટે રૂબરૂ યા ફોનથી સંપર્ક કરો....


બી.કે. સંધ્યાબેન (સંચાલિકા)
આધ્યાત્મિક શિક્ષણગૃહ,
ગુરુકૃપા સોસાયટી, શાંતિનગર,
નાના કુંભનાથ રોડ, નડિયાદ.
ફોન નં. 0268-252 1830
Email - nadiadhostel@bkivv.org


**॥ ઓમશાંતિ ॥**

---

(પેજ નં. 08નું અનુસંધાન)... વિદ્યા વિશારદા મમ્મા કરતાં હતાં.

## અનુપમ કુશળ સંચાલક અને પ્રશાસક

મમ્માામાં સંગઠનની શક્તિ ઘણી શ્રેષ્ઠ હતી. સૌને સાથે લઈને ચાલવાની કુશળ કળા હતી.બાબાએ કહ્યું અને મમ્માએ ધારણ કર્યું. એમાં પ્રથમ નંબરે હતાં. સૌથી મોટી વાત એ છે કે એમને યજ્ઞમાતા તરીકે સૌએ સ્વીકારી લીધાં.

## રાતદિવસ સાધનામાં રત ગૌરી

મમ્માએ શરૂઆતથી અંત સુધીમાં પોતાની સાધનામાં કોઈપણ પ્રકારની ઢીલ થવા દીધી નહીં. સવારે બે અઢી વાગે ઉઠીને બાબાને શક્તિશાળી રૂપમાં યાદ કરવાનો અભ્યાસ કરતાં હતાં. એમની ડાયરીમાં એક વિષય પર ઘણી ગહનતાથી વાત લખી હતી. એમની ડાયરી વાંચવાનો અવસર મને જયપુરમાં મળ્યો હતો. એક બહેન જે એક વર્ષથી મમ્માની સાથે હતી તેમાંથી એ જ્ઞાન બિંદુઓ ડાયરીમાં લખ્યાં હતાં, તે ડાયરી મને મળી હતી. એ જ્ઞાનબિંદુઓને વાંચીને મને લાગ્યું કે મમ્માએ જ્ઞાનનું કેટલું વિચાર સાગર મંથન કર્યું હશે. કેટલી જ્ઞાનની ગહનતામાં ગયાં હશે અને કેટલો એને ધારણ કરવાનો પુરુષાર્થ કર્યો હશે. વિદ્યાદેવી સરસ્વતીનું વર્ણન તો કવિ, વિદ્વાનોએ કર્યું છે પરંતુ એ વિદ્યાદેવીના રૂપ અને કર્તવ્યને અમે આંખોથી જોયું છે. એમનાથી શીખ્યા અને એમનાં બાળકો બન્યાં એ અમારું પરમ સૌભાગ્ય છે.

**॥ ઓમશાંતિ ॥**

# શિવશક્તિઓનાં સેનાની માતેશ્વરી જગદંબા સરસ્વતીજી

બ્ર.કુ. વિદ્યાસાગર, રોહિણી, દિલ્હી

પરમપિતા શિવ પરમાત્માએ નવી સૃષ્ટિની રચના માટે પ્રજાપિતા બ્રહ્મા દ્વારા સર્વ પ્રથમ રચના રચી તે મા જગદંબા સરસ્વતીનું નામ રાધે હતું. યજ્ઞમાં આવતાં જ નામ પડ્યું ઓમરાધે. એમણે પ્રજાપિતા બ્રહ્માના તનમાં આવેલા શિવબાબાને પ્રથમ દિવસે જ ઓળખી લીધા તથા નિશ્ચય કર્યો કે હવે મારે જ્ઞાન રત્નોથી સજવાનું છે. એમણે સામાજિક ઘરેણાં ઊતારી દીધાં. બાબાએ પૂછ્યું કે બેટી, કાલે આપે જે લૌકિક ઘરેણાં પહેર્યાં હતાં, તે ક્યાં છે ? મા સરસ્વતીનો એજ જવાબ હતો કે બાબા હવે મારે જ્ઞાન રત્નોથી સજવું છે. જ્ઞાનનાં મહાવાક્યોને મમ્મા ધ્યાનથી, એકાગ્રતાથી, નિશ્ચયબુદ્ધિ થઈને સાંભળતાં હતાં. જ્ઞાન રત્નોને સાંભળીને, ખૂબ ગહનતાથી મનન-ચિંતન કરીને, બાબાના મુરલી ક્લાસમાં આવ્યા પહેલાં સૌને જ્ઞાન સંભળાવતાં હતાં.

## દેહમાં રહેવા છતાં દેહથી ન્યારાં

મા સરસ્વતીએ આત્મિક સ્થિતિનો એટલો અભ્યાસ કર્યો કે દેહમાં રહેવા છતાં દેહમાં નહોતાં. હું સન 1963માં મમ્માને જ્યારે પહેલી વાર મળ્યો તો મારું મન બિલકુલ શાંત થઈ ગયું. ત્યારે તો હું માત્ર ત્રણ મહિના (જ્ઞાનમાં)નો બાળક હતો. મન કઈ રીતે આટલું શાંત થયું, એ વાતે મારા ઉપર વિશેષ પ્રભાવ પાડ્યો. મા સરસ્વતીએ બાબાનાં મહાવાક્યો સાંભળીને જ્ઞાનમૂર્ત, યોગમૂર્ત, ધારણામૂર્ત બનીને બતાવ્યું. મા સરસ્વતી એટલાં સ્નેહની મૂર્તિ હતાં કે કેટલાંક બાળકો મમ્માનાં મુરીદ છે. મમ્મા વારંવાર સર્વ યજ્ઞ વત્સોને કહેતાં હતાં કે બાબાની તરફ જુઓ મને બનાવનારા બાબા જ છે. બાબા દ્વારા બતાવેલું કાર્ય, ભલે મમ્મા માટે નવું હતું પણ એમણે કદી એમ નથી કહ્યું કે આ કઈ રીતે થશે? તેઓ એવું સમજતાં હતાં કે આ કાર્ય મારા દ્વારા જ થવાનું છે.

## પ્રકૃતિજીત અને દિલજીત

મમ્માનાં એવાં પવિત્ર વાયબ્રેશન નીકળતાં હતાં કે, જે જેવી વ્યક્તિ હોય, તેના મુખથી 'મમ્મા' શબ્દ અનુભૂતિથી નીકળતો હતો. બ્રહ્માબાબા પણ મમ્માની ધારણાઓ પર, કર્તવ્યો પર, ગુણો પર, વ્યવહાર પર, ઈમાનદારી પર, વફાદારી પર, કુરબાન હતા. મમ્માના શરીર ત્યાગ પછી કેટલીયે વાર સંદેશ મોકલ્યો કે બાબાને કહો, બ્રહ્માબાબાને યજ્ઞ માટે ઘણી જરૂર છે. એમણે શિવબાબાને કહ્યું કે બાબા, મમ્માને પાછળ આવવું જ પડશે. એ બની ના શકે કે મમ્મા, બાબાની પહેલાં ચાલ્યાં જાય. જુઓ મા સરસ્વતીએ બાપદાદાના દિલમાં કેવી છાપ લગાવી હતી. ખરેખર મમ્મા કર્મેન્દ્રિયજીત, માયાજીત, પ્રકૃતિજીત અને સર્વનાં દિલજીત હતાં.

## ચહેરા અને વ્યવહારમાં રુહાની નશો

એક વાર મેં મમ્માને પૂછ્યું મમ્મા, આપે આ યજ્ઞમાં પોતાનું કઈ રીતે સમર્પણ કર્યું? મમ્માએ ઉત્તર આપ્યો, 'જુઓ, અબજપતિની પાસે ગરીબ મદદ માટે જાય છે પણ જો કોઈ અબજપતિ કોઈ ગરીબની પાસે આવો તો ગરીબ કેવો વ્યવહાર કરશે? શું તે અબજપતિને મદદ કરવાની ના પાડશે? એ જ રીતે જગતના પાલનહાર સ્વયં અમારી પાસે આવ્યા છે તો અમારું શું કર્તવ્ય બને છે? અહીં મમ્માએ પણ વિચાર્યું અને પૂર્ણરૂપથી બાબાનાં બની ગયાં. આ તક કલ્પમાં એક વાર મળે છે.' મમ્માના ચહેરાથી, વ્યવહારથી એ નશો

ઝળકે છે કે પરમપિતા મળી ગયા છે. દિનરાત મમ્માના નયનોથી આ નશો જોવા મળતો હતો. કોઈપણ યજ્ઞવત્સ એ નહીં કહી શકે કે મમ્માએ કોઈપણ સ્થાન, પરિસ્થિતિ, સમય, વાતાવરણમાં ભૂલ કરી હોય.

યજ્ઞની શરૂઆતમાં જ્યારે બહારના લોકો જ્ઞાન ન સમજવાને કારણે ટુકડીઓ બનાવીને ગાળો દેતા હતા, તો મા પણ સર્વ બહેનોના સમૂહને લઈને શાંતિની સકાશ આપતાં હતાં. ગાળો દેનાર શાંત થઈને થોડા સમયમાં પાછા વળી જતા હતા. મા સરસ્વતીએ યોગશક્તિ દ્વારા સમગ્ર યજ્ઞનું સંચાલન કર્યું જેથી બાબા સ્વયં પોતાને હળવા અનુભવ કરતા હતા.

## ડ્રામા પર અટલ નિશ્ચય

મમ્માને ડ્રામા પર અટલ નિશ્ચય હતો. શરીર છોડતાં પહેલાં મમ્માને દિવગંત રાજયોગી રમેશભાઈએ સમાચાર આપ્યા હતા કે, મમ્માનું આયુષ્ય માત્ર 15 દિવસ રહ્યું છે તેવું ડોક્ટરોએ બતાવ્યું છે. આ જાણીને મમ્માએ નિસંકોચ, ધૈર્યથી કહ્યું ડ્રામા. તેઓ જરા પણ ગભરાયાં નહીં. શરીરમાં વ્યાધિ હોવા છતાં અંતિમ સમય સુધી બાબાની વાણી સાંભળી, બાબાની આજ્ઞાઓનું પાલન કર્યું. હું 23 જૂન, 1965માં મધુવન હતો. 24 જૂન, 1965ના દિવસે મમ્માએ પોતાના નશ્વર દેહનો ત્યાગ કર્યો. બાપદાદાએ 23 જૂને મમ્માને કહ્યું હતું કે બેટી, અહીં પધારેલા બ્રહ્માવત્સોને ટોલી (પ્રસાદ) આપવાની છે. મમ્માએ બાબાની આજ્ઞા માથે ચઢાવીને ધૈર્યથી સ્નેહમૂર્ત બનીને ટોલી આપી. આ અદ્ભુત દૃશ્ય હતું. અંતિમ દિવસ 24 જૂન, 1965ના દિવસે પણ બાબાની આજ્ઞાનું પાલન કરતાં મમ્માએ બાબાના બગીચાની પ્રથમ ઉપર દ્રાક્ષ સર્વ બ્રહ્માવત્સોને આપી. આ કાર્યક્રમ લગભગ 12.30 કલાકે પૂરો થયો. એ દિવસે સાંજે 4.00 વાગે મમ્માની તબિયત વધારે ખરાબ થઈ. બાબા તરત જ સામે આવ્યા અને બાબાની દૃષ્ટિ લેતાં લેતાં મમ્માએ વતન તરફ પ્રસ્થાન કર્યું. વિશ્વ જેને દુર્ગા, સરસ્વતી, ભવાની, વૈષ્ણોદેવી વગેરે નામોથી પૂજે છે. તે મમ્મા અવ્યક્તરૂપથી અત્યારે પણ ઉમંગ-ઉત્સાહની પાંખો પ્રદાન કરી રહ્યાં છે. આવા મા જગદંબા સરસ્વતીને સૌ બ્રહ્માવત્સોના કોટિ કોટિ નમન. અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે 'મમ્મા, આપના પદ્ચિન્હો પર ચાલીને આપના સમાન બનીને દેખાડશું.' **॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 22નું અનુસંધાન)...માતેશ્વરી જગદંબા**

માન-અપમાન, સ્તુતિ-નિંદાથી પર રહી શકતો નથી. શિવબાબાના જ્ઞાનને ગહનતાથી સમજો, યોગાભ્યાસ કરો, ટ્રસ્ટી બનીને કાર્ય વ્યવહાર કરતા રહો તો સ્વાભાવિક રીતે જ બધું ઠીક થઈ જશે.

● આ સમયે તો દરેક બ્રહ્માવત્સનો મુખ્ય પુરુષાર્થ આત્મિક સ્થિતિમાં રહેવાનો છે. નિરંતર આત્મિક સ્થિતિમાં સ્થિત થઈને પરમધામમાં બિંદુ રૂપ બાપને યાદ કરવા. એમને કરાવનહાર સમજીને સ્વયંને નિમિત્ત સમજીને યજ્ઞ સેવા સાચા દિલથી કરતા રહેવું.

● જેવું કર્મ હું કરીશ આપણને જોઈને બીજા કરશે.

● શિવશક્તિઓએ શક્તિરૂપ બનીને રહેવાનું છે. કોઈના અવગુણોને મનમાં રાખવાના નથી. વીતેલી વાતોનું ચિંતન કરવાનું નથી. ઈશ્વરીય સેવામાં માટે કદી ના કહેવાનું નથી. બાબાનો પ્રેમ સેવા કરવાથી જ મેળવી શકશો ઈશ્વરીય સેવા એક મધુર અને શ્રેષ્ઠ બંધન છે જે સર્વ સ્થૂળ બંધનોને કાપીને ફેંકી દે છે.

**॥ ઓમશાંતિ ॥**

# માતેશ્વરી જગદંબા સરસ્વતીજી સાથેનો મારો અનુભવ

રાજયોગિની બ્ર.કુ. સરલાદીદી, પૂર્વ ડાયરેક્ટર, ગુજરાત ઝોન, સુખશાંતિ ભવન, અમદાવાદ.



મીઠી મમ્મા સાથે જે મધુર મિલન આ જીવનમાં થયું છે અલૌકિક અનુભવ અને પ્રાપ્તિ થઈ છે એનું વર્ણન કરવામાં મને અલૌકિક આનંદનો અનુભવ થઈ રહ્યો છે. આજથી 57વર્ષ પહેલાં મુંબઈ માટુંગામાં અમારી પડોશમાં બ્રહ્માકુમારી બહેનો પધારી હતી. સૌથી પહેલાં અમારી મુલાકાત દાદી વૃજઈન્દ્રાજી સાથે થઈ. વૃજઈન્દ્રાદાદી હોળીનો ઉત્સવ ઉજવવા માઉન્ટ આબુ જવાના હતાં. તેઓ અમારાં લૌકિક નાની અને મોટી બહેનને સાથે લઈ જવા આવ્યાં હતાં. ત્યારે મેં એસ.એસ.સી.નું શિક્ષણ પૂરું કર્યું હતું. મેં કહ્યું મને પણ મધુવન (પાંડવભવન, માઉન્ટ આબુ) લઈ જાઓ. તો હું પણ એમની સાથે માઉન્ટ આબુ આવી. એ સમયે કોટા હાઉસ અને ધોલપુર હાઉસમાં બ્રહ્માકુમારીઝનો આશ્રમ હતો. મને એ સમયે એ પણ ખબર નહોતી કે પિતાશ્રી કોણ છે? માતેશ્વરી કોણ છે? એમની સાથે આપણો શો સંબંધ છે. જ્યારે ત્યાં પહોંચ્યાં તો હોલમાં એક સંદલી પર પિતાશ્રી અને બીજી સંદલી પર માતેશ્વરી બિરાજમાન હતાં. એ સમયે ભારતમાં પાંચ છ સેવાકેન્દ્રો હતાં. એ સર્વ સેવાકેન્દ્રોમાંથી થોડાં થોડાં ભાઈઓ અને બહેનો હોળી ઉજવવા માઉન્ટ આબુ પહોંચ્યાં હતાં. બાબા મમ્માની સાથે અમે હોળી ઉજવી એનાથી અમારું મન બહુ પ્રસન્ન હતું.

## સાધના દેવી બનીને, માતૃદેવી બની ગયાં

મમ્મા કુમારી હોવા છતાં પણ પુરુષાર્થ કરીને માતેશ્વરી યજ્ઞમાતા બન્યાં. અને આધ્યાત્મિક જીવનમાં આગળ વધ્યાં. એમને જોઈને અમને એમના જેવા બનવાની પ્રેરણા મળી હતી. બાબાએ અમને હસતાં હસતાં પૂછ્યું હતું કે બેટી, તારે મમ્મા જેવું બનવું છે? તો મમ્માની પૂંછ (અનુસરણ) પકડી લો. અર્થાત્ મમ્માનું અનુસરણ કરો. કહેવાય છે કે કામધેનુનું પૂંછડું પકડવાથી આ સંસારરૂપી સાગર પાર થઈ શકે છે.

## મંત્રમુગ્ધ કરનારા બે શબ્દ

મમ્મા સંગીત વિદ્યામાં પ્રવીણ હતાં. એમનું વ્યક્તિત્વ પ્રભાવશાળી હતું. મમ્મા આખી રાત યોગનો પુરુષાર્થ કરતાં હતાં. પુરુષાર્થ પ્રત્યે એમને ઘણી રુચિ અને પ્રીતિ હતાં. આ વાતોએ એમને પણ એમના જેવા બનવાની પ્રેરણા આપી. જ્યારે પણ બાબા, મમ્માને બોલાવે અથવા કોઈ સેવા બતાવે તો મમ્માના મુખથી બે જ શબ્દ નીકળતા હતા. 'જી બાબા' આ બંને શબ્દોમાં બાબા પ્રત્યે એમનો આદર અને સ્નેહ એટલો ભરેલો હતો કે આ શબ્દ સાંભળનારાઓને મંત્રમુગ્ધ કરી દેતા હતા.

## દૈવી સભ્યતાના સંસ્કાર આપનારી આદિ શક્તિ

મમ્મા અમને શિક્ષણ આપતાં હતાં કે આપસમાં જ્યારે વાત કરીએ છીએ તો ઘણા ધીમા સ્વરમાં કરવાની છે. બે વ્યક્તિઓ વાત કરે છે તો ત્રીજી વ્યક્તિને તે વાત સંભળાવી ના જોઈએ. મમ્મા એવી રીતે ચાલતાં હતાં કે કોઈને ખબર પણ પડતી નહોતી કે મમ્મા ક્યારે આવ્યાં અને ગયાં ક્યારે. મમ્મા કહેતાં હતાં કે બાળકો, આપણું ચાલવું એવું હોય કે ધરતીને પણ કષ્ટ ન થાય. કેટલાક લોકો રાવણની જેમ ચાલે છે. વાર્તાઓમાં આવે છે કે

રાવણ જ્યારે ચાલતો હતો ત્યારે ધરતી ડોલતી હતી, કંપતી હતી. આપણે દેવતા બનનાર છીએ એટલે આપણી ચાલ દેવતાઓ જેવી હોવી જોઈએ. બિલકુલ અવાજ નહીં થવો જોઈએ. મમ્માએ એકબીજાને કઈ રીતે બોલાવવા એ પણ શીખવ્યું. જ્યારે અમે મુંબઈમાં રહેતાં હતાં તો અમારા ઘરની સામે નાનીનું ઘર હતું. જ્યારે અમારે કોઈને બોલાવવા હોય તો અમે અમારા ઘરમાંથી જ અવાજ કરીને બોલાવતાં હતાં કે અહીં આવો. આ વાત સાંભળો. એકવાર ત્યાં ક્લાસમાં મમ્માએ સંભળાવ્યું કે એકબીજાને મોટા અવાજથી બોલાવવા જોઈએ નહીં. એ વ્યક્તિની નજીક જઈને કહો, આપની સાથે મારે કંઈક વાત કરવાની છે. આપ આવો. આ પ્રકારે શાંતિથી, પ્રેમથી અને ધીમા અવાજથી બોલવું જોઈએ.

મમ્મા કહેતાં હતાં કે આપ દેવતા બનો છો, દેવતા કદી જોર જોરથી હસતા નથી. જોર જોરથી બોલતા નથી અને ચાલતા નથી. સર્વ કાંઈ ધીમેથી શાંતિથી કરે છે. તેથી આપણે પણ એ રીતે ચાલવાનું છે. મમ્મા કહેતાં હતાં કે જો કોઈ આપને શિખામણ આપે છે તો એને પ્રેમથી અને સંયમથી સાંભળવી જોઈએ. એ સમય એમને એ કંઈ નહીં કહેવું જોઈએ કે આ વાત આમ નથી. એવું પણ બની શકે છે કે તે વાત અત્યારે લાગુ પડતી નથી પણ કદાચ ભવિષ્યમાં કામ આવે. એટલે શિખામણને માન આપવું જોઈએ. એનો સન્માનથી સ્વીકાર પણ કરવો જોઈએ.

મને રંગીન કપડાં પહેરવાનો અને બે ચોટલા બનાવવાનો શોખ હતો. એકવાર રાતે હું વૃજઈન્દ્રાદાદીની સાથે મમ્માને ગૂડનાઈટ કરવા ગઈ હતી. ત્યારે મમ્માએ કહ્યું સરલા, તેં દેવીઓની તસ્વીર જોઈ છે. એમાં વાળ કેવા બતાવે છે. હું ચૂપ રહી. પછી મમ્માએ કહ્યું દેવીઓના વાળ ખુલ્લા રહે છે યા એક જ ચોટલો હોય છે. આમ કહેતાં એમણે મારા બંને ચોટલાઓ ખોલીને હંમેશા માટે એક બનાવી દીધો. આ રીતે મમ્માએ મને સાડી પહેરતાં શીખવાડ્યું. ગુરુમુખી લખતાં વાંચતાં શીખવાડ્યું.

## લૌકિકતાની બલિ લેનાર કાલી મા

મમ્માએ જ મને બાબાને અર્પણ કરી. મમ્મા હસતાં હસતાં કહેતાં હતાં કે સરલા, આ મમ્મા મા પણ છે અને કાલી પણ છે. કાલી તો તારી બલિ જરૂર લેશે. હું હસતી હતી. મારાં લૌકિક માની સેવા મારે જ કરવી પડતી હતી. એક દિવસ સભામાં મમ્માએ મને આવાહ્‌ન કર્યું કે તું એક માતાને કારણે સ્વયં જગત માતા બનવાથી વંચિત રહીશ? આ વાત મારા મનમાં તીરની જેમ લાગી ગઈ. હું એ પછી ઈશ્વરીય સેવામાં સમર્પિત થવા તૈયાર થઈ ગઈ. મારે મોટી અને નાની બહેન પણ હતી. તેઓ અમારાં લૌકિક માની સંભાળ રાખવા લાગ્યાં. આ રીતે મા કાલીએ મારી બલિ લઈને મને શિવપિતાને અર્પિત કરી. મને કર્મબંધન અને લૌકિક બંધનોથી છોડાવી.

સમર્પિત થયા પછી મમ્માએ પહેલાં મને વૃજઈન્દ્રાદાદીની પાસે જ રાખી. કેટલાક સમય પછી મમ્માએ પૂછ્યું, સરલા, તું પૂના જઈશ? મેં કહ્યું, મમ્મા આપ જે કહેશો, જ્યાં મોકલશો ત્યાં જઈશ. ત્યારે મમ્માએ પૂના મોકલતી વખતે મને એવી શિખામણ આપી કે કલ્યાણકારી વચનો સંભળાવશો. મારું છે તે બાબાનું છે એમ સમજીને નિમિત્તભાવથી સેવા કરવાની આગળ વધતા રહેવાની પ્રેરણા આપી.

## સર્વકાંઈ કરવા છતાં ગુપ્ત પુરુષાર્થી બની રહો

મમ્મા કહેતાં હતાં કે આપણો પુરુષાર્થ સદા ગુપ્ત રહેવો જોઈએ. દેખાડાનો હોવો જોઈએ નહીં. સેવા છોડીને સર્વથી અલગ થઈને યોગમાં બેસવાનું

નથી. સર્વ કાંઈ કરવા છતાં, સર્વની સાથે રહેવા છતાં ગુપ્ત પુરુષાર્થ કરવો જોઈએ. મમ્મા સ્વયં આમ જ કરતાં હતાં. મમ્માને જોતાં ક્યારેક શીતળામા, ક્યારેક કાલી માનો અનુભવ થતો હતો, મમ્મા જગદંબા જ હતાં, દેવી હતાં. સર્વ મનોકામનાઓ પૂરી કરનારાં કામધેનું મા હતાં.

## માતેશ્વરી જગદંબા સરસ્વતીની અમૃતવાણી

● જુઓ બ્રહ્માબાબાના મુખ દ્વારા શિવબાબા ઈશ્વરીય જ્ઞાન સંભળાવે છે. તો આપણા કાન સુધી આવતાં આવતાં વચ્ચે માયા પ્રવેશે નહીં. ધ્યાન રાખો કે બાબાના મુખ અને તમારાં કાન વચ્ચે અંતર છે. એટલે સદા રુહાની સ્થિતિમાં સ્થિત થઈને જ મુરલી સાંભળો.

● જીવન કવરની જેમ બંધ નહીં પણ પોસ્ટકાર્ડની જેમ સદા ખુલ્લું હોવું જોઈએ.

● સદૈવ 'હાંજી'નો પાઠ પાક્કો કરજો. કોઈએ આપને કોઈ કાર્ય સોંપ્યું પરંતુ આપને તે આવડતું નથી, તો સીધું ના ન પાડો, ના એટલે નાસ્તિક. એમને એ પૂછવું કે આ કાર્ય કઈ રીતે થશે? જો આપ મને તેનો ઉપાય બતાવશો, તો તે પ્રમાણે કરીશ.

● ક્યારેય પણ કોઈ વાત બને તો એનું વાતાવરણ બનાવશો નહીં. ગંભીરતાનો ગુણ અપનાવો.

● પોતાના મતને જીવનમાં જવાબદાર બનાવશો નહીં. બાબાને જીવન આપ્યું છે, તો એમને જ જવાબદાર સમજો તો મદદ મળશે. પોતાના મત તથા જવાબદારીથી બાપની મદદ તથા શક્તિ નહીં મળે.

● આ જ્ઞાનથી માત્ર પોતાનું જ પેટ ભરવાનું નથી. પણ દુઃખી લોકોને પણ શાંતિ આપવાનો ઉપાય કરવાનો છે.

● પરમપિતા પરમાત્મા તો વિશ્વના રચયિતા છે તેઓ તો નવી દુનિયા બનાવવાનું કામ કરી જ લેશે પરંતુ બાળકો સ્વયં પોતાના વિકારોનો વિનાશ અને દૈવી ગુણોની રચના કરો. જેમ કોઈના શરીર પર કોઈ બોજ રાખ્યો હોય, તો તે જલદી જલદી ચાલી શકતો નથી ધીરે ધીરે ચાલશે. આ રીતે તમારા મસ્તક પર પણ પાપોના બોજની ઘણી મોટી પોટલી છે. જો તમે જલદી જલદી ઉન્નતિ મેળવવા ઈચ્છો છો, તો પહેલાં પાપની પોટલી ઉતારો. અર્થાત્ આત્માના પાછલા પાપોને દગ્ધ કરો. તેની યુક્તિ એ છે કે શ્વાસોશ્વાસ પોતાના પરમપિતા પરમાત્મા શિવને યાદ કરો એમની સાથે સર્વ સંબંધ જોડો તો પૂરો અધિકાર પ્રાપ્ત કરો. એવો દૃઢ નિર્ણય હોય કે એકવીસ જન્મો સુધી દૈવી સ્વરાજ્ય પ્રાપ્ત કરીને જ જંપીશું. આવો દૃઢ સંકલ્પ કરો.

● કોઈ કોઈ આત્માને ઘડી ઘડી ભૂતકાળના જીવનની યાદ આવે છે તે કારણે તે આત્મા ખુશીમાં રહેતો નથી. મારે અંતરાત્માથી જોવાનું છે કે હવે મારે જૂનો ચોપડો ખતમ કરીને નવો ચોપડો (કર્મોનું ખાતું) બનાવવાનો છે. જો નવામાં જૂના સંકલ્પ વિકલ્પ ભેળવતા રહેશે તો જૂનો ચોપડો સાફ થશે નહીં. એટલે જૂના માયાવી સંકલ્પ ભૂલાવી દો. તમારો નવો ઈશ્વરીય જન્મ થયો તો સદા ખુશીમાં રહો.

● ઈશ્વરીય સેવા કરવાનો હેતુ પોતાના જીવનને આદર્શમય જીવન બનાવવાનો છે. જેનાથી અન્ય આત્માઓ ઉપર પ્રભાવ પડી શકે.

● હવે તમે સાચા રામની સાચી સીતા બન્યાં છો. તો રાવણની કોઈ નિશાની પોતાની પાસે ના રાખો.

● બાળકો, આ જીવન તો હારજીતનો એક ખેલ છે. એમાં કોઈપણ આત્મા સુખ-દુઃખ, હાર-જીત,

**(અનુસંધાન પેજ નં. 19 પર)**

# પ્યારી દાદી જાનકીજી સાથેની એક ઝલક

## બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

જેવી રીતે શિવબાબા જ્ઞાનના સાગર છે, બ્રહ્માબાબા ગુણોના સાગર છે તેવી જ રીતે પ્યારા દાદીજી સર્વગુણોમાં સમ્પન્ન હતાં. આ જાનકી દાદીજીનાં સંપર્કમાં આવનાર, એમના સાનિધ્યમાં રહેનાર એટલું જરૂર કહેશે કે, દાદીજી દ્વારા અમને ખૂબ જ જ્ઞાન રત્નોનો ખજાનો મળ્યો. જેનાથી અમારું જીવન પરિવર્તન થઈ ગયું.

દાદીજી નિર્મળ સ્વભાવનાં, નમ્રચિત્ત, નિષ્કામ સેવાધારી, નિર્મોહી અને બહુ જ નિર્માણ હતાં. દાદીજી સામે બેસતાં જ ફરિશ્તા સ્વરૂપનો અહેસાસ થતો હતો. બાબાની જેમ દાદીજી પણ જાનીજાનનહાર, કરનકરાવનહાર હતાં. યાદ આવે છે, એક વખત દાદીજી મને બોલાવી પોતાની પાસે બેસાડીને કહ્યું કે 'ગોદાવરી, તું હંમેશા ચૂપ-ચૂપ ક્યું રહતી હો? ક્યા સોચતી હો?' મેં કહ્યું - 'દાદીજી, મેરે દિલ મેં એક બાત ઘડી-ઘડી આતી રહતી હૈ કી એક તો મૈં સર્વગુણોં મેં સમ્પન્ન કૈસે બનું? ઔર દૂસરા શિવબાબા કો દિવ્ય નેત્ર સે પહચાનને કે બાદ યહી સંકલ્પ ચલતા હૈ કી જબ તક મૈં દો રોટી કી સેવા ન કર શકું તબ તક દાલ રોટી ખાના મેરા કોઈ હક નહીં હૈ.' દાદીજી આટલું સાંભળતાં જ ગદ્-ગદ્ થઈ મને ગળે લગાવી. મારી આંખોમાં શિવબાબાનાં સ્નેહનાં અશ્રુ છલકાતાં હતાં. ત્યારે દાદીએ કહ્યું કે - 'અરે ! તું તો હો હી સચ્ચ બાપ કી સચ્ચી બેટી, આજ સે અભી સે ઈસ વ્યર્થ સંકલ્પ કો છોડ યહી દૃઢ સંકલ્પ કરો કી - મૈં બાબા કી ઔર યજ્ઞ ભી મેરા હી હૈ. સફલતા તેરા જન્મ સિદ્ધ અધિકાર હૈ.' દાદીજીનાં એક-એક શબ્દોની ઝલક જાણે બાપદાદા પોતે જ કહેતાં હોય એવો અદ્ભુત અહેસાસ થતો હતો. તે દિવસથી જ મન નિસંકલ્પ થઈ ગયું અને મન-વચન-કર્મથી સેવામાં જોડાઈ ગયું. વરદાનતુલ્ય દાદીજીનાં વચનો બેહદ સૃષ્ટિનાં વર્ષાનાં અધિકારી બનાવી દીધાં.

આજે પણ હૃદયનાં તટ પર આ શબ્દો અંકિત થઈ ગયા છે. એટલે મને હંમેશા હર પગલે-પગલે સફળતા પ્રાપ્ત થઈ રહી છે. દાદીજીનાં શિક્ષા સ્વરૂપે આપેલાં વચનો યાદ આવે છે - (1) હિમ્મતે બચ્ચે તો મદદે બાબા. (2) સચ્ચી દિલ પર સાહેબ રાજી. (3) મૈં કૌન - મેરા કૌન. (4) હંમેશા પાંચ ગુણોને યાદ કરો - પવિત્રતા, સત્યતા, મધુરતા, નમ્રતા, ધૈર્યતા. આવી અગણિત શિક્ષાઓની ઝલક જીવનમાં મળી છે. જેને ભૂલવું અશક્ય છે. બસ દાદીમા સમાન બની બાપદાદાની પ્રત્યક્ષતા મન-વચન-કર્મથી કરવી એ જ મારાં દિલની દાદીજીને ભાવાંજલી છે.

॥ ઓમશાંતિ ॥

---

(પેજ નં. 11નું અનુસંધાન)... **પ્રસન્નતાના પથ**

પ્રકારે વાતો કરો. પરિસ્થિતિઓ અને લોકોથી સ્વયંને દૂર કરીને પોતાના મનને જોઈએ છીએ. આખો દિવસ મને કેવા વિચારો આવે છે. પ્રત્યેક સંકલ્પને હું નિર્મિત કરું છું. હવે હું સમજી ગયો. આ મારી રચના છે. જે દર્દ પકડી રાખ્યું હતું તે મેં પકડી રાખ્યું હતું. દર્દમાં રહેવાનું મેં જ પસંદ કર્યું હતું. આજે હું સ્વયંને દર્દથી મુક્ત કરું છું. શુદ્ધ સંકલ્પ રચીને. હું શાંત સ્વરૂપ આત્મા છું. કોઈ શક્તિ મને હતાશ નહીં કરી શકે. શાંત રહેવું એ મારો સ્વભાવ છે. શાંતિ મારી શક્તિ છે. તે મારી રચના છે.

॥ ઓમશાંતિ ॥

# સરલાદીદીજી સંગના સંસ્મરણો - પ્રથમ વાર્ષિક સ્મરણાંજલિ

## રાજયોગિની બ્ર.કુ. ભારતીદીદી, ડાયરેક્ટર ગુજરાત ઝોન, અમદાવાદ (રાજકોટ)



લૌકિકમાં અમે 3 બહેનો, 2 ભાઈઓ, મોટા નીમુદીદી (મુંબઈ-નેપ્યન્સી રોડ), સરલાદીદી (ગુજરાત ઝોન, પૂર્વ સંચાલિકા) તથા હું .. અમે મુંબઈમાં રહેતા. લૌકિક ઘરમાં ભક્તિના સંસ્કારો, ધાર્મિક વાતાવરણ બચપણથી જ મળેલ, અમારા લૌકિક નાનીમાનું ઘર અમારા ઘરની સામે જ હતું. નીમુબેન નાનીમા સાથે રહેતા. હું તથા સરલાદીદી માતા-પિતા સાથે રહેતા.

### માતા પિતાને સદૈવ નિશ્ચિંત રાખવાનું લક્ષ્ય

ત્રણેય બહેનો વચ્ચે ઉંમરમાં વધારે ફેર ન હતો. માટે આપસમાં બહેનોની સાથે સખી સમાન સમાનતાના વ્યવહારથી રહેતા. એકબીજા પ્રત્યે માન-સન્માનની ભાવના હતી, ખૂબ જ સ્નેહ પ્યાર હતો. પરંતુ આકર્ષણ કે લગાવ નહીં. મને યાદ નથી અમારા વચ્ચે ક્યારેય કોઈ નાની બાબતમાં પણ મન-દુ:ખ થયું હોય. નીમુબેન મોટા હતા માટે તે અમારા તથા નાનીમાના ઘરનું ધ્યાન રાખતાં, સરલાદીદી બચપણથી જ મિલનસાર સ્વભાવના હતા. ત્રણેય બહેનોનું એવું લક્ષ્ય કે અમારાથી માતા-પિતા સદૈવ નિશ્ચિંત રહે. અમે તેઓને નિશ્ચિંત રાખતાં પણ ખરાં.

### મુંબઈ નગરીમાં રહેવા છતા માયાવી સંગના રંગથી સુરક્ષિત

હું અને સરલાદીદી બચપણમાં થોડા પહેરવા, ઓઢવા સારા કપડા, ફુલની વેણી નાખવી, વગેરેના શોખીન હતા. પરંતુ સંસ્કાર સંપૂર્ણ સાત્વિક હોવાના કારણે જાનીજાનનહાર પ્યારા બાપદાદાએ બચપણથી જ માયાવી સંગના રંગથી અમોને સુરક્ષિત રાખેલ. પરિણામે યજ્ઞને, બાબા-મમ્મા, સર્વ દાદીઓની નજીક આવવામાં અમને કોઈ મહેનત ન લાગી.

1953માં મુંબઈમાં જ પુષ્પશાંતાદાદી, બ્રિજેન્દ્રાદાદી સાથે પરિચય થયો. નાનીમા સાથે અમે 3 બહેનો પણ જવા લાગ્યા. દાદીઓના સ્નેહ, પ્યારનું આકર્ષણ તો ન્યારુ જ હતું. અમારા જીવનમાં પરિવર્તન જોઈ લૌકિક બાપુજીનું સમાજ, લોક લાજના કારણે થોડો વખત બંધન રહ્યું. પરંતુ અમે ત્રણેય બહેનો ખૂબ અડગ હતા. સરલાદીદીજી છુપાઈને પણ સેવાકેન્દ્ર પર જતાં. બંધનથી છૂટવા, પગભર થવાં થોડો વખત સ્કુલમાં ટીચર તરીકે નોકરી પણ કરી. તે બહાને બહાર નીકળી સેવાકેન્દ્ર પર જવા મળે.

પ્યારા બાબા, મીઠી મમ્મા અવાર-નવાર મુંબઈ આવતા. ત્યારે હું તો લૌકિક ઘરમાં રહેતી, પરંતુ મમ્મા માટે અમે ઘરેથી ઢોકળા, મુઠીયા બનાવી લઈ જતા. મમ્માને ગુજરાતી ભોજન ખૂબ પસંદ. તેઓ પ્રેમથી સ્વીકારતા. મમ્માને ગુજરાતી ભાષા પણ આવડતી. તેઓ અમારી સાથે ગુજરાતીમાં વાતચીત પણ કરતા. મમ્માએ મને ગુરુમુખી( ઉર્દુ ) ભાષા પણ શીખવાડી.

### મમ્માના જીવનમાંથી પ્રેરણા

અમે ત્રણે બહેનોએ મમ્મા સમાન જીવન બનાવી, સેવાકેન્દ્ર પર રહેવાનું નક્કી કર્યું. અમારા નિશ્ચયને જોઈ બા-બાપુજીએ અમોને

ખુશી-ખુશીથી છુટ્ટી તો આપી. પરંતુ બાપુજીની એવી ઈચ્છા હતી કે મારી ત્રણે દીકરીઓ મારી આંખો સામે મુંબઈમાં જ રહી સેવા કરે.

મમ્મા - લૌકિક બાપુજીને મળ્યા. બાનું નામ ત્રિવેણી હતું. મમ્માએ કહ્યું, ‘ત્રિવેણી અર્થાત્ ત્રણ નદીઓનો સંગમ... નદી હંમેશા વહેતી ભલી.. જો આ ત્રણે નદીઓ અલગ-અલગ દિશાઓમાં વહે.. તો લાખો આત્માઓનો ઉદ્ધાર કરશે, અનેકોના જીવનને પાવન બનાવશે.’ આ રીતે મમ્મા હંમેશા જ્ઞાનયુક્ત મીઠા મહાવાક્યોથી કોઈને પણ પ્યારથી સમજાવી દેતા. માતેશ્વરી સાથેની પ્રથમ મુલાકાતમાં જ દીદીના જીવનમાં અનેક બદલાવ આવતા મેં અનુભવ્યું. ધૈર્યતા, ગંભીરતા, પાલનહાર વગેરે મમ્મા સમાન ગુણો તેમનામાં બચપણથી જ સાકાર થવા લાગ્યા.

હું અને સરલાદીદી સાથે જ મુંબઈના સાયન સેવાકેન્દ્ર, બ્રિજેન્દ્રાદાદી પાસે રહેવા આવી ગયા. મેં ત્રણ વર્ષ ત્યાં જ સેવા કર્યા બાદ દિલ્હી, કાનપુર, કલકત્તા સેવા અર્થ ગઈ. દીદીમાં સેવાનો ગુણ તો બચપણથી જ હતો. માટે કોઈ પણ સેવા ખૂબ જ પ્રેમથી કરતા. સાયન સેવાકેન્દ્ર પર એક -દોઢ વર્ષ સેવા કર્યા બાદ સાકાર બાબાની શ્રીમતથી તેઓ પૂના સેવા પર ગયા. ત્યાં સુધી અમે બંને સાથે જ રહી એકબીજામાંથી અનેક પ્રેરણાઓ લઈ આગળ વધતાં રહ્યાં. તે પૂનાથી સેવા અર્થ અમદાવાદ આવી, પૂરા ગુજરાતનો ઉદ્ધાર કરવા ઉદાહરણ રૂપ બન્યા.

## એક્યુરસીનો ગુણ

નાની - મોટી દરેક વસ્તુઓ એક્યુરેટ, વ્યવસ્થિત રાખવી તથા દરેક કાર્ય ખૂબ જ સુઘડતાથી કરવું તે તેમની એક આગવી કળા હતી. લૌકિક બચપનથી જ એવું શીખવાડતા કે જે વસ્તુ જ્યાંથી લીધી હોય ત્યાં જ રાખી દઈએતો તરત મળી પણ જાય અને અન્યને તકલીફ પણ ન પડે, તેથી બીજાઓની દુઆઓ મળે. આ ગુણ દીદીના રગરગમાં સમાયેલ હતો. જેને પણ દીદીના સાનિધ્યનો અનુભવ કર્યો તે સૌ આ બાબતના સાક્ષી છે.

## ગુજરાતની ગરિમા વધારનાર દીદીજી

મેં જોયું સરલાદીદીને હંમેશા એવું રહેતું ગુજરાત બાબા, દાદીઓ, મધુવનથી નજીક છે, તો હંમેશા દરેક બાબતમાં નં.1 લે તે માટે, ગમે તેવા સમય અને સંજોગોમાં પણ હંમેશા પ્રયત્નશીલ રહ્યા. ગુજરાતના નાનામાં નાના વિસ્તારમાં સેવાકેન્દ્ર ખૂલ્યુ હોય. તેનું ઉદ્ઘાટન ચાહે જમીનનું ખાતમુહૂર્ત હોય, દીદીજીના કાને માત્ર વાત જાય. તરત કહે હાં.. તારીખ ફાઈનલ કરો, દીદી જરૂર આવશે. પછી રસ્તો ભલે ગમે તેવો હોય, સીઝન ગમે તે હોય, પોતાની તબિયતની પણ ચિંતા કર્યા વગર દીદી પહોંચી જતાં. ઉમંગ-ઉત્સાહની ઉડાન સાથે હંમેશા સૌ કોઈને એક જ વાત કહે-બસ બાબા ચલાવે છે, ને હું ચાલું છું.

## યજ્ઞ તથા દાદીઓ પ્રત્યે અગાઢ પ્રેમ

દીદી એવું માનતા કે મધુવન અને ગુજરાત એક જ છે, મધુવનના એક એક ડાયરેક્શન પછી તે સેવાધારી સંબંધિત હોય કે સહયોગ સંબંધિત કે પ્રોગ્રામ સંબંધિત. તરત ગુજરાતના દરેક સેન્ટર પર મોકલી પૂરા ફોલો કરવાનું લક્ષ્ય રાખતા. યજ્ઞના દરેક વરિષ્ઠ દાદીઓ તો જાણે દીદીના દિલમાં સમાયેલ હતા. દાદીની આજ્ઞા, દીદીજી તરત શિર માથે રાખતા.

એક વખત દીદી પ્રોગ્રામ અર્થે રાજકોટ આવેલ અને જાનકીદાદીજીને અચાનક તબિયત ચેકિંગ અર્થે અમદાવાદ આવવાનું થયું.

(અનુસંધાન પેજ નં. 31 પર)

## દિવ્યદર્શન

# ગુણોની માળા એટલે આપણાં મમ્મા

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

યજ્ઞના વિકાસમાં માતેશ્વરી જગદંબાની યોગ્યતાઓનું ઘણું મોટું યોગદાન રહેલું છે. મમ્માની વિશેષતાઓનું વર્ણન લખીએ તો એક ગ્રંથ તૈયાર થઈ શકે, પરંતુ અહીં તે ગ્રંથના અધ્યાયના અંશનો રસાસ્વાદ આપણે મમ્માના ગુણોની માળાના મણકાઓને આત્મસાત કરવાનો પ્રયત્ન કરીએ.

**ગુણ રૂપી મોતીની માળા -** મમ્માનો સૌથી મોટો ગુણ અંતર્મુખતા હતો અને સદાય હર્ષિત રહેતાં. મમ્માને ક્યારેક કોઈ હંસી-મજાક કરે તે જરાય પસંદ ન હતું. અંતર્મુખતા એટલે સીરીયસ નહીં પણ ધીર-ગંભીર, ચહેરો હંમેશા સૂર્યમુખીનાં ફુલની જેમ ખીલેલો જ હોય. મમ્માને સદૈવ એ નશો હતો કે હું કોની સાથે છું. સ્વયં બાબાની સાથે છું. એક પ્રસંગ અહીં અચુક યાદ આવે, એક વખત સાકાર બાબાએ મમ્માને અચાનક બોલાવીને કહ્યું કે, મમ્મા મને 6 x 4ની સાઈઝનું કલ્પવૃક્ષનું ચિત્ર ભરતકામ કરેલું જોઈએ છે. તરત જ હાં જી કહ્યું, તે સમયે મમ્માની અન્ય સાથી બહેનો વિચારમાં પડી ગયા કે આટલા ઓછા સમયગાળામાં આ કેવી રીતે શક્ય બની શકે? બહેનોએ મમ્માને કહ્યું કે, મમ્મા યે કૈસે હો સકેગા? ત્યારે મમ્માએ ખૂબ જ ફકુરથી જવાબ આપ્યો કે, 'હમકો યહ કામ કિસને દિયા હૈ? સ્વયં ભગવાનને કહા હૈ, કરને કે લિયે, યહ હુઆ હી પડા હૈ. બસ હમે કેવલ હાથ લગાના હૈ.' અર્થાત્ મમ્માને બાબા પર એટલો નિશ્ચય હતો. તેના આધારે જ તેમણે હાંજી કીધું હતું. બાબાને જે દિવસે ચિત્ર જોઈતું હતું તે દિવસે સવારે મમ્માએ સંપૂર્ણ તૈયાર કરીને બાબાને આપ્યું.

**મમ્માની એકરસ સ્થિતિ -** બાબા મમ્માની મહિમા કરતાં અને ક્યારેક કોઈ ઈશારો પણ ક્લાસની વચ્ચે જ આપતાં. કોઈ એક જગ્યાએથી યજ્ઞમાં ઘઉં આવ્યા હતાં. તે એક જ સ્થાને લાંબો સમય પડ્યા રહ્યાં. કોઈનું ખાસ ધ્યાન ગયું નહીં અને ધનેડા પડી ગયાં. ત્યારે બાબાએ ક્લાસમાં મમ્માને કહ્યું કે, 'મમ્મા યહાં યજ્ઞમેં કોઈ દેખભાલ કરનેવાલા નહીં હૈ. સ્ટોર મેં દેખો ઘઉંમે કિડે પડ ગયે હૈ.' ત્યાં ઉભેલી સર્વ બહેનોએ બાબાને કહ્યું કે, 'બાબા, આ કામ તો અમારું છે. અમને કહો મમ્માને નહીં. આ સર્વ વાતચીત મમ્મા સાંભળતા હતાં, પણ બાબાનો ઈશારો મળ્યાં પછી પણ મમ્માની સ્થિતિ એકરસ જ હતી. બાબા મુરલી સંભળાવે તે પહેલાં, કાયમ મમ્મા મુરલી સંભળાવતા. પણ જ્યારે બાબાને આવતાં જોઈને તેજ ઘડીએ મમ્મા પોતાની મુરલી પૂરી કરી દેતાં. બાબાનું ખૂબ સન્માન જાળવતાં. બાબાની સામે મમ્મા ક્યારેય મુરલી ન સંભળાવતા. બાબા કોઈવાર લપાઈ-છુપાઈને મમ્માની મુરલી સાંભળી પણ લેતા.

**મમ્મા-બાબાની બેડમીન્ટન ટીમ - કોની સાથે રમીએ છીએ ? -** બાબા બધું કામ પણ કરતાં અને રમત-ગમત પણ રમતાં અને રમાડતાં. તે વખતે બેડમીન્ટન રમવા માટે એક કોટ પણ તૈયાર કરાવેલ. એક બાજુ બાબાનું ગ્રુપ અને એક બાજુ મમ્માનું ગ્રુપ બેડમીન્ટન રમતાં. મમ્માનાં ગ્રુપને જીતાડવા માટે ઘણીવાર બાબા જાણી જોઈને હારી

જતાં. ત્યારે મમ્માનાં ગ્રુપની બહેનો કહેતી કે, 'જુઓ, બાબા હારી ગયા. ત્યારે મમ્મા મોઢાં પર આંગળી રાખી તરત જ ઈશારો આપતાં અને કહેતાં કે, 'ચુપ, ઐસા નહીં બોલતે. આપકો પતા હૈ? આપ કિસકે સાથ ખેલતે હો? સ્વયં ભગવાન કે સાથ.' આમ મમ્માને બેડમીન્ટન રમતાં-રમતાં પણ નશો અને સ્મૃતિ રહેતી કે અમે ભગવાનની સાથે રમીએ છીએ.

**હુકમી હુકમ ચલા રહી હૈ -** આ મહાવાક્ય મમ્માનું સ્લોગન હતું, ત્યારે મનમત કે પરમતની તો વાત જ ન હોય. જ્યારે મમ્મા ઉંમરનાં ઘણાં નાના હતા ત્યારે મમ્માને બહેનોને સાચવવાની અને સંભાળવાની જવાબદારી આપી. ત્યારે મમ્માની શારીરિક અને માનસિક સ્થિતિ પણ મા જેવી બની ગઈ. મમ્માની ગંભીરતા અને સમાવવાની શક્તિ ગજબની હતી. બહેનોને કોઈ વાત કરવાની હોય તો બાબાની પાસે જતાં પહેલાં મમ્માની પાસે સંભળાવી નિરાકરણ લાવી દેતા. મમ્મા પાસે એક બહેન વાત કરી ગઈ હોય તો, બીજી બહેનને તેનો અણસાર સુધ્ધાં નહતો આવવા દેતા. વાત તેટલી ગુપ્ત રાખતાં કે તેનો ભાવ મમ્માના ચહેરા પર, વાણીમાં કે વ્યવહારમાં પણ ક્યાંય દેખાય નહીં.

**બાબાનાં દરેક ક્ષેત્રમાં મમ્મા સહયોગી બન્યા -** યજ્ઞને કેવી રીતે ચલાવવો છે તે પછી સ્થૂળ રૂપે હોય કે સૂક્ષ્મ રૂપે. સ્થૂળ રૂપે યજ્ઞની એક-એક ચીજવસ્તુઓની સાર-સંભાળ, જાળવણી તથા સૂક્ષ્મ રૂપે યજ્ઞવત્સોની સંભાળ કરતાં. સ્થૂળમાં એક્યુરેસી, સીસ્ટમ અને ઈકોનોમી એમ ત્રણ વાતનું ધ્યાન હંમેશાં મમ્મા રાખતા. મમ્મા હંમેશાં સમયનાં ખૂબ જ પાબદીં હતાં. દરેક કાર્ય સમયસર અને સમય પહેલાં જ પૂરું કરનાર મમ્મા કહેતા કે,' એક્યુરેટ સમય પર, એક્યુરેટ નહીં કરવાથી બીજી અન્ય આત્માઓનો કેટલો બધો સમય વેસ્ટ (વેડફાઈ) જાય છે. સંકલ્પ વિકલ્પ ચાલે છે અને તેનાં જવાબદાર આપણે છીએ.

ખાસ કરીને ટીનએજર કન્યાઓમાં અલબેલાપન આવી જાય છે અને તે સમયે યજ્ઞમાં મોટે ભાગની કન્યાઓનું જ ગ્રુપ હતું. જેઓ અનાજ સાફ કરતાં, શાકભાજી કાપતાં, સાફ-સુફી કરતાં. એક વખત ખૂબ પાલખ આવી હતી. બધાએ ભેગાં મળીને સાફ કરીને સુધારી દીધી. તેનો કચરો અને વધારાનું વધેલું પડ્યું હતું. મમ્માએ કહ્યું એ બધું મારી પાસે લાવો. તેમાંથી સાફ કરીને નાનાં-નાનાં પાંદડાઓ તથા મોટા પાંદડા કાપીને કાઢી નાંખેલાં ડાંડીઓ તેમણે ભેગાં કરી શાક કાપ્યું અને કહ્યું. આમાંથી બે જણાને થઈ જાય તેટલું શાક છે. યજ્ઞ પણ બેગરી પાર્ટમાંથી પસાર થયેલો છે. મમ્મા અને બાબા 108 થીગડાવાળા કપડાં પણ પહેરીને ઉદાહરણ પૂરું પાડેલ છે. માત્ર બેગરી પાર્ટના સમયની વાત જ નથી. સામાન્ય સંજોગોમાં પણ મમ્મા સાડીનો એકછેડો ખરાબ થઈ જતો તો, બીજા છેડાથી સાડીનો ઉપયોગ કરતાં. બાબા શીખવતા કે કપડું ફાટી ગયું તો શું થઈ ગયું? તેને સાંધીને પહેરી શકાય. પણ ફાયેલાં કપડાં પહેરીને ફરવું તે મમ્માને જરાપણ પસંદ ન હતું. કપડાં સાંધીને પહેરો અને સ્વચ્છ કપડાં પહેરો. પણ રોયલ રૂપે રહો. મમ્મા-બાબા થીગડાવાળા કપડા પહેરતા તો બીજા બાળકો પણ યજ્ઞમાં કપડાં માંગતા નહીં, આમ ઈકોનોમી અર્થાત્ યજ્ઞની બચત કરતાં. મમ્મા કહેતા કે કોઈ વ્યક્તિથી લાઈટ, પંખા ભૂલથી અજાણતાં જ ચાલુ રહી ગયા હોય અને તમારી નજર પડી, તે ઘડીથી તે લાઈટ-પંખાનું મીટર તમારું ચાલુ થઈ ગયું. તેનું ખાતું બંધ થઈ ગયું. કારણ કે તમે નજરે જોયું છે, તમે જાણો છો,

છતાં પણ બંધ નથી કરતાં. તો ઈકોનોમી સાથે બેપરવાહ ન બનીએ તેમ મમ્મા શીખવતાં.

**મમ્માનો પઢાઈનો પાઠ પાક્કો -** મમ્માને પોતે ખૂબ જ સારી રીતે ઈશ્વરીય પઢાઈ કરતાં અને તેવા જ સંસ્કાર બીજી આત્માઓમાં પાડતાં. ઓલ રાઉન્ડર દાદી પોતાના અનુભવોમાં જણાવે છે કે, 'બાબાની પહેલાં મમ્મા 10-15 મિનીટ મુરલી સંભળાવતા. તેઓ આખી મુરલી એકાગ્રતાથી, મન-બુદ્ધિ અને એકીટશે નજર બાબાની તરફ ફિક્સ થઈ જતી. બાબાની મુરલી એવી રીતે સાંભળતાં કે તે ધારણ કરી લેતાં અને બીજા દિવસે તે મુરલીનું મંથન સવારે 2.00 વાગે ઉઠીને કરતાં. જેમ-જેમ જ્ઞાનનું મનન-ચિંતન કરતાં જતાં હતાં, તેમ-તેમ તેમનાં ચહેરામાં રૂહાનિયત અને રુહાબ આવતું જતું હતું. જ્યારે મનન કરીને મમ્મા રૂમની બહાર આવતા હતાં ત્યારે, તેમનો ચહેરો ચંદ્રમાની જેમ 16 કળા ખીલી ઉઠતો.

**જો કર્મ મેં કરૂંગી, મુઝે દેખ સબ કરેંગે -** દરેક કાર્યમાં મમ્મા સમય પહેલા અને સમયસર પહોંચનારા હતાં. એક વખત અગત્યની સેવાની કારણે સવારે બાબાની મુરલી શરૂ થાય ત્યાં સુધી તેઓ પહોંચી ન શક્યા, થોડાં મોડાં પડ્યા. પન્ચ્યુઆલીટી અને રેગ્યુલારીટીમાં મમ્મા બહુ પાક્કા હતા. દરેક નિયમોનું ચુસ્ત રીતે પાલન કરતાં. આજે પાંડવભવનમાં જ્યાં નિર્વૈરભાઈની ઓફિસ છે, ત્યાં તે સમયે એક ટેકરો હતો, મમ્મા બધાને કહેચા કે, 'બધા આ ટેકરા પર ચડી જાઓ અને આજની મુરલીનું મનન-ચિંતન કરો. મમ્મા પોતે પણ અભ્યાસ કરતાં અને આવી રીતે બ્રહ્માવત્સોને પણ અભ્યાસ કરાવતા. મમ્મા ક્લાસમાં અચુક ડાયરી-પેન સાથે લઈને આવતા. ક્લાસમાં બાબાની પહેલાં પહોંચવું અને છેક છેલ્લે સુધી ક્લાસમાં હાજર રહેવું. આવી રીતે યજ્ઞમાં સીસ્ટમની શરૂઆત મમ્માએ કરી, જ્ઞાન-યોગનું ફાઉન્ડેશન યજ્ઞમાં પાડ્યું.

**યજ્ઞના બ્રહ્માવત્સોને ટીચર્સ બહેનો પ્રતિ રિગાર્ડની ભાવનાઓ રાખતા શીખવતાં -** તે સમયગાળામાં દિલ્હીમાં એક મોટી સત્તાવાળા અધિકારી ભાઈ કોર્સ કરી મુરલી સાંભળવા આવતા હતાં. ત્યારે એક દિવસ ઉંમરમાં નાના બહેન મુરલી સંભળાવતા હતાં. મુરલી ક્લાસ બાદ તેમણે મમ્માને કહ્યું,'મમ્મા, હમારી યે છોટી-છોટી બહનો કી એજ્યુકેશન થોડી કમ હૈ, કમ પઢી લીખી હૈ. મુરલી મેં કભી-કભી અંગ્રેજી શબ્દ ભી આતે હૈ. તો અગર કોઈ બડી બહન મુરલી સુનાયે તો અચ્છા હૈ.' મમ્માએ વિનમ્રતાપૂર્વક કહ્યું કે, 'વો ભલ ઉમ્રમેં આપસે છોટી હૈ, લેકિન ઉસને ઈસ છોટી ઉમ્ર મેં જો ત્યાગ કિયા હૈ, તપસ્યા કી હૈ, વો આપ પહેલે થોડે દિન કરકે દિખાઓ.' ત્યારે તે ભાઈએ કહ્યું કે, 'મમ્મા, યે તો મેં નહીં કર સકતા.' ત્યારે મમ્માએ ખૂબ સુંદર ઉત્તર આપ્યો કે, 'યે એજ્યુકેશન નહીં પઢાતી હૈ, યે જો ઉસકા ત્યાગ હૈ વો પઢાતી હૈ.' આવી રીતે મમ્મા ટીચર્સ બહેનોને હંમેશાં આગળ વધારતાં, આદર આપતાં અને બ્રહ્માવત્સોનું ફાઉન્ડેશન પણ પાકુ કરાવતાં.

**બાબા પર અટૂટ નિશ્ચય -** મમ્માને બાબા જ્યાં રાખે, જે ખવડાવે, જે પીવડાવે, જેમ રાખે, જેવી રીતે રહેવું, તેવું તેમણે મનોમન નક્કી કર્યું હતું. એક વખત રમત-રમતમાં લચ્છુદાદી (બ્રહ્માબાબાનાં બ્રાહ્મણી) નાની ચકલીઓનાં એકદમ તાજા જન્મેલાં બે બચ્ચાઓ લઈ બાબાને બતાવ્યા. બાબાએ કહ્યું, 'મમ્માને અહીં બોલાવો.' મમ્મા આવ્યા એટલે બાબાએ કહ્યું, 'મમ્મા યે તુમ્હેં ખાના હૈ.' એમ કહી બાબા તે બચ્ચાને હાથમાં પકડીને મમ્માના મુખ સુધી માત્ર હાથ ઊંચો કરી મમ્મા તરફ લંબાવ્યો કે, તરત જ મમ્મા બાબાની

સામે મોઢું ખુલ્લું રાખીને ઊભા રહ્યાં. મમ્માને બાબા ઉપર એટલે બધો વિશ્વાસ, ભરોસો અને નિશ્ચય હતો કે, આ વાત મને કોણ કહી રહ્યું છે? બાબા જે પણ કહેશે તે યોગ્ય અને સાચું જ હોય. ક્યારેક બાબાનાં કીધા પછી મમ્મા પોતાની વિવેક બુદ્ધિથી કશું જ ન વિચારતાં.

બીજો પ્રસંગ યાદ આવે છે કે, એક વખત મધુવનમાં કામ ચાલતું હતું. બાબાએ કહ્યું કે આ એક પલંગની નીચે બીજો પલંગ ગોઠવી દો. ત્યારે ત્યાં એક બહેન ઉભા હતાં તેમણે કહ્યું, 'યે દોનો પલંગ તો બરોબર હૈ. કૈસે ઉસકે નીચે આયેગા? સમય ફાલતુ જાયેગા.' મમ્માએ તે વખતે સૌની વચ્ચે બહેનને એક પણ શબ્દ ન કહ્યો. પરંતુ જ્યારે સાંજે તે બેન કોઈ કામથી મમ્મા પાસે આવ્યા, ત્યારે મમ્મા ખૂબ જ સુંદર રીતે તે બહેનને કીધું કે, 'તમારી નિર્ણયશક્તિ અને પરખશક્તિ તથા તમારી બુદ્ધિ ખૂબ જ તેજ છે. તે બહેને કહ્યું, 'મમ્મા, આપ ઐસા ક્યું કહતી હો? મેરે સે કોઈ ગલતી હો ગઈ?' મમ્માએ કહ્યું, 'ના, કોઈ ભૂલ નથી થઈ. પણ તમે જે સમયે કહ્યું કે એક પલંગ બીજા પલંગની નીચે નહીં જઈ શકે? શું તમને ખબર ન હતી કે ત્યારે ત્યાં કોણ ઉભું હતું? સ્વયં બાબા પોતે ઉભા હતાં. તો આપણાથી બાબાને આવી રીતે કહેવાય? ખેર, પલંગ તો તેની નીચે ન આવ્યો. પણ જો તમે આવી રીતે ચાલશો, તો તમને તમારી બુદ્ધિનું અભિમાન થઈ જશે.'

હોળીના દિવસો હતાં. બાબાએ મમ્માને કહ્યું, આજે બધાને ભોગમાં જલેબી ખવડાવવી છે. મમ્મા જાણતાં હતાં કે, જલેબી બને તેવી કોઈ જ પ્રકારની સામગ્રી ભંડારામાં નથી. મમ્માએ બાબાને કહ્યું, 'જી બાબા! ત્યારે એક આત્માની બુદ્ધિને ટચીંગ થયું. તે ઈશ્વરીય જ્ઞાનમાં ચાલતા ન હતાં પણ તેમનાં પત્ની નિયમિત આવતાં હતાં. તેમણે તેમની પત્નીને કહ્યું કે, ઘણાં સમયથી કોઈ યજ્ઞ-સેવા કરી નથી. તો આ રાશનનો સામાન યજ્ઞમાં આપી આવો. હોળી આવી રહી છે યજ્ઞમાં સફળ કરો. સામાન યજ્ઞમાં આવ્યો, જલેબી બની. હંમેશાં મમ્મા કહેતાં કે, ભગવાનનાં શબ્દો છે કે, ઈમ્પોસીબલ મેં સે પોસીબલ. તો ભગવાન કે શબ્દ કભી વેસ્ટ નહીં જાતે. ભાગ્યવિધાતા, જગત-જનની, મા સરસ્વતી, મા અંબા અને મા લક્ષ્મી સમાન મમ્માને ભાવાંજલિ અર્પણ. ॥ **ઓમશાંતિ** ॥

---

**(પેજ નં. 33નું અનુસંધાન)...**

અમદાવાદ, ગુજરાત, ભારત કે પછી પરદેશની સેવા અર્થે જાય ત્યારે હંમેશા મને સાથે લઈ જતાં. સતત માર્ગદર્શન આપી, હિંમતથી આગળ વધારતા રહ્યાં. સભામાં બે શબ્દો જ્ઞાનના બોલતાં પણ દીદીજીએ પ્રોત્સાહન આપી શીખવ્યું.

ગુજરાતના સેવાકેન્દ્રો માટે જમીન લેવાની હોય, નવા સ્થાન પર સેવાકેન્દ્ર ખોલવાનું હોય કે ભવનનું નામ આપવાનું હોય, યજ્ઞના કારોબાર સંબંધી અગત્યના સંદેશાઓ બાબા મોકલાવતાં. દીદીજીના માર્ગદર્શન હેઠળ ઈશ્વરીય પરિવારના ભાઈ-બહેનો માટે પણ અનેક સંદેશાઓ આપ્યાં. મારા જીવનની પ્રત્યેક પળમાં સાથ નિભાવનાર દીદીજી, છેલ્લાં એકાદ વર્ષથી ઉપરામ, નષ્ટોમોહા, યોગની સર્વોચ્ચ સ્થિતિમાં સ્થિત થયેલ જોયા. અંતિમ દિવસોમાં બીમારીનું એક કારણ નિમિત્ત બનાવી, જગતઅંબા સરસ્વતીના ચાહક મમ્માની રાજધાનીમાં સેવા અર્થે અચાનક ઉડીને જતાં રહ્યાં. આજે પ્રથમ સ્મૃતિ દિવસ પણ આવી ગયો છતાંય આભાસ નથી થતો કે, દીદીજી મારી સાથે નથી. દીદીજી આજે પણ સતત સૂક્ષ્મમાં માર્ગ પ્રશસ્થ કરી રહેલ છે. અલૌકિક માને મારા શબ્દોથી ભાવાંજલી અર્પણ. ॥ **ઓમશાંતિ** ॥

# જગદમ્બા સરસ્વતી

## બ્ર.કુ. નીલમદીદી, પાટણ

જગદમ્બા સરસ્વતીનો જન્મ અખંડ ભારતના સિંધ પ્રાંતમાં એક સંસ્કારી પરિવારને ત્યાં થયો. તેમનું નામ રાધે હતું. તેઓ અભ્યાસમાં ખૂબ જ પ્રવિણ હતાં.

1936માં જ્યારે પિતાશ્રી બ્રહ્માબાબાને ત્યાં સત્સંગની શરૂઆત થઈ ત્યારથી જ તેઓ પણ આવતાં હતાં. નાની ઉંમરમાં પ્રભુ પ્રાપ્તિની લગન ખૂબ હતી. બ્રહ્માબાબાએ તેમનું નામ ઓમ રાધે રાખ્યું. ઓમ મંડલીના નામે શરુ થયેલી સંસ્થામાં બ્રહ્માબાબાએ પોતાની સઘળી સંપત્તિ 1937માં 7 બહેનો, માતાઓની કમેટી બનાવીને વિલ કરી હતી. તેમાં ઓમ રાધે પણ હતાં. તેઓ કુમારી હોવા છતાં પણ માની જેમ બધાની પાલના કરતાં આમ શરૂથી જ તેમનો અતિ મહત્ત્વનો રોલ રહ્યો.

ઓમ રાધેનો સ્વભાવ ખૂબ જ મીઠો હતો. તેઓ ખૂબ સમજદાર, અતિ ગંભીર અને સાથે સાથે રમણીક પણ હતાં. શિવબાબાના જ્ઞાન ઉપર એમનો સંપૂર્ણ નિશ્ચય હતો. આજ્ઞાકારી વફાદાર, સદા ‘હાજી’નો પાઠ પાકો રાખવાવાળાં ઓમ રાધે ખૂબ જ થોડા સમયમાં બધાના દિલમાં સ્થાન વસાવી લીધું. સંતુષ્ટતા, ધીરજ જેવા અનેક ગુણોનાં ધની હતાં. બાબા જે કહે તેને અક્ષરશહ ધારણ કરતાં કોઈ પણ કમજોર સંકલ્પ નહીં કે કેવી રીતે થશે ? જ્યારે આ સંસ્થાનું સ્થળાંતર આબુમાં થયું. ત્યારે થોડા સમય પછી આર્થિક સંકડામણનો સમય આવ્યો. 400 જેટલાં ભાઈ-બહેનોની જવાબદારી હોવા છતાં તેમનો નિશ્ચય પાકો રહ્યો. ગમે તેવી પરિસ્થિતિનો હસતા મોંઢે સામનો કર્યો. બાબાએ કહ્યું છે એટલે થઈ જશે.

### મુરલીનાં મસ્તાનાં

શિવ પિતાની મોરલીને અક્ષર સહ ધારણ કરવાના આગ્રહી હતાં. જ્ઞાનની વીણા વડે મધુર સૂર રેલાવી અનેકોના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથર્યો હતો. માટે જ તેઓ જ્ઞાનની દેવી સરસ્વતી કહેવાયાં. કહેવત અનુસાર નારી એવાં લક્ષણ ધારણ કરે તો તે શ્રી લક્ષ્મી બને તે અનુસાર જ્ઞાન ધનને ધારણ કરી અનેકોના જીવનને દિવ્ય બનાવનાર ધનની દેવી લક્ષ્મી પણ કહેવાયાં. જ્ઞાનના દાનથી અનેક આત્માઓની સર્વ મનોકામના પૂરી કરી જેથી પરમાત્માએ તેમને જગદમ્બા કહ્યાં. પરમાત્માએ તેમને જન્મોના રહસ્ય સમજાવ્યાં કે ઓમરાધે સંગમયુગમાં પરમાત્મ શિક્ષા લઈ રાધે બનશે અને તેઓ જ સતયુગમાં પ્રથમ જન્મમાં શ્રી લક્ષ્મી વિશ્વ મહારાણી બનશે.

શાસ્ત્રોના વર્ણન આધારે આપણે દેવીઓને અસુર સંહારીણી કહીએ છીએ. આ અસુરો એટલે જ વિકારો, વર્તમાન કળીયુગના અંતિમ ચરણમાં પરમાત્મ જ્ઞાન દ્વારા પોતાની જ અંદર રહેલા પાંચ વિકારોનો નાશ કર્યો. આમ આપણે જેમની પૂજા કરતા આવ્યાં તે આદિ દેવી જગદમ્બા સંગમયુગમાં થઈ ગયાં તેમને વીણા વગાડવાનો ખૂબ શોખ હતો. તેઓ સુંદર ગીતો પણ ગાતાં હતાં. તેઓ ફેશનેબલ હતાં. છતાં ખૂબ પ્રભાવશાળી અને પવિત્રતાની મૂર્તિ હતાં.

મમ્માના જીવનનું એક સુત્ર હતું કે એકવાર થયેલી ભૂલ ફરીથી ન થવી જોઈએ. મમ્મા સદા કહેતા કે પુરુષાર્થી છું એવું કહીને કમજોર ન રહૂં. વિતેલી વાતોને ભૂલીને સદા જીવનને શ્રેષ્ઠ

બનાવવા આગળ વધતા રહેવું.

બાબાની આજ્ઞાનું તુરંત જ પાલન કરતાં. બાબાની શ્રીમતને હુકમી હુકમ ચલા રહા હૈ સમજતા. તેમના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. એકવાર બહારથી ઘણાં બીજાં ભાઈ બહેનો આવ્યા હતાં. તેઓ પાછા ફરવાના દિવસે બાબાથી છુટ્ટી લઈ રહ્યાં હતાં. બાબાને વિચાર આવ્યો બાળકોને સાબુદાણાનો હલવો ખવડાવવો છે. તેમણે મમ્માને કહ્યું. મમ્મા તો તરત જ જી બાબા કહી રસોડામાં ગયાં અને હલવો બનાવવા લાગ્યાં. બીજાં બધાં ભાઈ બહેનોને વિચાર આવ્યો કે થોડા સમયમાં હલવો કેવી રીતે બનશે? પરંતુ મમ્માને લેશ માત્ર પણ કમજોર સંકલ્પ ન હતો. તેમણે હલવો બનાવી અને સ્ટેશન પર મોકલાવી આપ્યો.

મમ્માનું વ્યક્તિત્વ ઉચ્ચ હતું. સાહસિક, નીડર હતાં. સ્પષ્ટ વક્તા હતા. એકવાર પરમાત્મ જ્ઞાનના વિરોધીઓએ જ્ઞાનના વિરોધમાં કોર્ટ કેસ કર્યો હતો. મમ્મા નીડર બનીને કોર્ટમાં ગયાં. જજ સાહેબે તેમને ભગવાનને હાજીર નાજીર સમજીને કસમ ખાવાનું કહ્યું. ત્યારે તેમણે કહ્યું કે હું તો આપને હાજીર નાજીર સમજું છું. ભગવાન જ્યાં જુઓ ત્યાં સર્વ વ્યાપક નથી.

મમ્મા સહનશીલતાની મૂર્તિ હતાં તેઓને કેન્સર હતું. મુંબઈ ઓપરેશન કરાવ્યા બાદ પણ તેઓ સેવા કરતાં રહેતાં એકવાર ડોક્ટરે તેમને કહી દીધું કે હવે ઠીક થાય તેમ નથી. માટે માઉન્ટ આબુ મુખ્યાલયમાં આવ્યા. અનેક ભાઈ બહેનોને શિવબાબાની યાદમાં ટોલી ખવડાવી પરંતુ કોઈને કશી ખબર જ ન પડી કે હવે મમ્મા ખૂબ થોડો સમય આપણી વચ્ચે છે. પરંતુ શિવબાબાની યાદમાં કષ્ટને પણ સમાવી લીધું. 24 જૂન 1965માં તેમણે પોતાનું શરીર છોડી અવ્યક્ત થયાં.

**(અનુસંધાન પેજ નં. 34 પર)**

(પેજ નં. 25નું અનુસંધાન)...સલલાદીદીના સંગ

રાજકોટમાં સાંજનો પ્રોગ્રામ હતો, દીદીને જેવી ખબર પડી કે દાદી જાનકી અમદાવાદ આવ્યા છે. બસ ન આરામ ન ચૈન. અમે તો બપોરે આરામ કરતાં હતાં, અમારા બેનોએ પૂછ્યુ દીદી, આપ સૂતા નથી. કંઈ જોઈએ છે? તો સ્નેહાળ ભાવથી કહે, બેન, દાદી જાનકી અમદાવાદ છે અને હું અહીં છું. દીદીજીના શબ્દોમાં દાદીજી પ્રત્યે એવો ભાવ હતો કે જાણે તે દાદીજીની સન્મુખ જ હોય.

## સહનશીલતા એ જ મહાનતા

ક્યારેક સેવાઓમાં શરૂઆતમાં નાના-મોટા વિઘ્નો આવતાં, સ્વાભાવિક વાતચીતમાં મને હંમેશા ઉમંગ-ઉત્સાહ આપતાં કહેતાં - ભારતી, મહાન બનવું હોય તો થોડું સહન કરવું પડે. તે જ મહાનતા છે, બસ હંમેશા યાદ રાખ બાબા બેઠા છે, આપણે સચ્ચાઈ-સફાઈ, ઈમાનદારીથી સેવા કરતાં રહીએ. બાબા બધુ જાણે છે.

આવાં મહાન તપસ્વી, ગરિમામયી ગુજરાતનું ગૌરવ વધારનાર.

**સ** રલચિત્ત, સ્નેહાળ, સાદગીથી સંપન્ન

**ર** હમદિલ, રુહાનિયત, રમણિકતાના રાજા

**લા** જવાબ, લાગણીશીલ, લાલિમા લલાટમાં

**દી** લમાં બસ એક દિલારામ

**દી** દીજીની દિવસ-રાતની અથક અવિરત સેવાઓ ખાસ.

**જી** વન જગદંબામા જેવું જીવી, પસંદ કર્યો જૂન માસ

આજે પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ પર સમસ્ત ગુજરાત તરફથી કોટિ-કોટિ વંદન.

**॥ ઓમશાંતિ ॥**

# આદરણીય સરલાદીદીજી મારા અલૌકિક જીવનના ઘડવૈયા

## બ્ર.કુ. અમરબેન, સુખશાંતિ ભવન, અમદાવાદ.

ઉત્તર ગુજરાતના છેક છેવાડાના અંતરિયાળ સલ્લા ગામમાં એક મધ્યમ વર્ગીય પરિવારમાં મારો લૌકિક જન્મ થયો હતો. ૧૬ વર્ષની ઉંમરે પિતાશ્રી બ્રહ્માબાબાના દિવ્ય સાક્ષાત્કાર દ્વારા મારો અલૌકિક જન્મ થયો હતો. એક રાત્રે સ્વપ્નમાં બ્રહ્માબાબાએ આવીને મને કહ્યું, 'બચ્ચી, અમદાવાદમે સરલા બચ્ચી રહતી હૈ, વહાં તુમકો ચલના હૈ? ચલેગી ના?' મેં તરત હા પાડી દીધી. પરંતુ મને એ સમજણ ના પડી કે, મારે ક્યાં જવાનું છે?

સિદ્ધપુરમાં તે સમયે કારતક માસનો મેળો હતો. મારા પરિવારના સભ્યોની સાથે હું પણ મેળામાં ગઈ હતી. મેળામાં બ્રહ્માકુમારીઝનું પ્રદર્શન રાખેલ હતું. પ્રદર્શનીમાં પ્રવેશ કરતાં જ બ્રહ્માબાબાનો ફોટો જોઈને મેં પૂછ્યું કે - 'આ દાદા કોણ છે?' ત્યારે બહેનોએ કહ્યું, 'આ બ્રહ્માબાબા છે. તમે સાત દિવસનો કોર્ષ કરો તો તમને બધી સમજણ પડશે.' પછી મેં કોર્ષ કર્યો, બાબા પ્રત્યે મને નિશ્ચય થઈ ગયો. જ્ઞાનનો નશો હતો એટલે ઘરમાં પણ હું શિવને જ પરમાત્મા કહેતી. બધી ધારણાઓ આપોઆપ શરૂ કરી. એક દિવસ રાત્રે આકાશમાંથી અવાજ આવ્યો, 'બચ્ચી, તુમ ચલો, તુમ્હારે લિયે વિશેષ સેવા હૈ.' મેં લૌકિક પરિવારને કહ્યું કે, મારે સિદ્ધપુર બ્રહ્માકુમારીઝ સેન્ટર જોવા જવું છે. મારા લૌકિક બાએ કહ્યું કે, તું ભણેલી-ગણેલી નથી, આવી નવી-નવી વાતો સાંભળે છે. આપણાં સમાજમાં છોકરીઓ ક્યારેય બહાર નીકળતી નથી. તારે ક્યાંય જવાનું નથી. મારો દૃઢ સંકલ્પ હતો, મારા ભાઈએ સહયોગ આપ્યો એટલે હું પહેરેલ કપડે જ બસમાં બેસી સિદ્ધપુર પહોંચી. સિદ્ધપુરથી મંજુબેન અને મનોજભાઈની સાથે અમદાવાદમાં મણિનગરના ગોરધનવાડી ટેકરા 'રાજયોગ ભવન' સેવાકેન્દ્ર પર અમે પહોંચ્યા. તે સમયે સરલાદીદી સેવા અર્થે નવસારી ગયા હતા. બહેનોએ મંજુલાબેન સાથે મારો પરિચય કરાવ્યો. જ્યારે નવસારીથી દીદીજી પાછા આવ્યા ત્યારે મંજુબેને દીદીજીને કહ્યું કે, સિદ્ધપુરથી એક કુમારી આવી છે આપ તેને મળો. દીદીજીનું ખૂબ મોટું ભારે શરીર જોઈને હું થોડી ગભરાઈ ગઈ હતી. દીદીજી ખૂબ પ્રેમભાવથી મને મળ્યાં અને પૂછ્યું બેટા, તારે અહીં મારી પાસે રહેવું છે ને? મેં હા પાડી.

ઈશ્વરીય પરિવારનાં કોઈની સાથે પરિચય ન હતો, જ્ઞાન પણ સ્પષ્ટ ન હતું. પણ બાબાના બોલ પર જ હું અમદાવાદ આવી. ગુજરાતના આદિ રતન હસમુખભાઈ (પપ્પા) - મંજુલાબેન (મમ્મી)ને આ વાત જાણી ત્યારે ખુશ થઈને કહ્યું, કાલે ગુરુવારે આપ ક્લાસમાં આ અનુભવ સંભળાવજો. દર ગુરુવારે સવારે કૈલાસદીદી ગાંધીનગરથી અમદાવાદ આવી ભોગ લગાવતાં હતાં. અમે એકબીજાથી પરિચિત ન હતાં. હું આવી તેના ત્રીજા દિવસે ગુરુવાર હતો, ત્યારે ડ્રામા અનુસાર કૈલાસદીદી અમદાવાદ ભોગ લગાવવા આવી શક્યા ન હતાં એટલે ગાંધીનગરમાં જ ભોગ લગાવ્યો. ભોગમાં સંદેશ આવ્યો કે, 'સરલા બચ્ચી કે પાસ જો નઈ બચ્ચી આઈ હૈ, વહ સરલા કી મદદગાર બનેગી, વો બચ્ચી કા પૂરા ધ્યાન રખના.' આ રીતે વતનથી બાબાએ મારા માટે પ્રથમ મેસેજ મોકલ્યો હતો. ભોગ લગાવ્યા પછી કૈલાસદીદીનો ફોન આવ્યો કે, 'સરલાદીદી આપકે પાસ કોઈ બહેન આઈ હૈ? ઉસકે લિયે

બાબાને યહ મેસેજ દિયા હૈ.' દીદીજીએ મને બોલાવીને કહ્યું કે, જો બેટા તારા માટે બાબાનો સંદેશ છે, તારે અહીં મારી પાસે જ રહેવાનું છે, તે દિવસથી 6 જૂન, 2019 સુધી દીદીજીના સાંનિધ્યમાં જ રહેવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું.

દીદીજીએ મને ખૂબ કેળવણી આપી તૈયાર કરી, આદર્શ બ્રહ્માકુમારી જીવનની સાચી સમજ આપી. હું સ્કૂલે ભણવા ગઈ ન હતી તેથી મારામાં ઘણી અજ્ઞાનતા હતી. સમજણ પણ ઓછી પડતી, અવાર-નવાર નાની-મોટી ભૂલો પણ થતી. પરંતુ મારી દરેક ભૂલોમાંથી દીદીજી મને શીખવતા અને આગળ વધારતા. મને રૂપિયા કેટલા કહેવાય એનું પણ સામાન્ય જ્ઞાન ન હતું. ચીજ-વસ્તુ ગોઠવવી, સાફ કરવી, સર-સામાન ભરવો. ભોગ-ટોલી બનાવવી, મહેમાનોની આગતા સ્વાગતા, સાફસુફી કેવી રીતે કરવી, જીજ્ઞાસુ ભાઈ બહેનોને પાલના આપવી. આવી અનેક બાબતો વિશે મને કોઈ સમજણ ન હતી. પાર્ટીના ભાઈ-બહેનોને ચા-નાસ્તો આપવા રેલ્વે સ્ટેશન જવું, વિદેશી ભાઈ-બહેનોની સેવા કરવી, સેવાકેન્દ્રના નાના-મોટા સર્વ સ્થૂળ કાર્યો દીદીએ સ્વયં કરીને શીખવ્યું. ગામડાની એક દીકરીને યોગ્ય આધ્યાત્મિક કેળવણી આપી આદરણીય દીદીજીએ મારા નવજીવન ઘડતરના શ્રેષ્ઠ શિલ્પી બન્યા.

હું જ્યારે સેવાકેન્દ્ર પર આવી ત્યારે મને ઘણાં સંકલ્પ ચાલતા હતાં કે, બધા ખૂબ સેવા કરે છે, હું ભણેલી નથી, કશું આવડતું નથી. તો હું કઈ રીતે બાબાની સેવામાં સહયોગી બનીશ. એટલે હું રોજ સવારે બે વાગે ઉઠી યોગમાં બેસતી હતી. એકદિવસ બાબાએ મારી બુદ્ધિની દોરી ખેંચી વતનમાં બોલાવી, પહેલી જ વાર જે બ્રહ્માબાબાનો સ્વપ્નમાં સાક્ષાત્કાર થયો હતો એવાં જ સ્વરૂપે બાબાને વતનમાં નિહાળ્યાં. એટલે હું તરત જ બ્રહ્માબાબાને ઓળખી ગઈ કે, આ એજ બાબા છે જે મને અમદાવાદ લઈ આવ્યા છે. બાબાએ પ્રેમથી કહ્યું, 'બચ્ચી ગભરાના નહીં. બાબા તેરેકો સબકુછ સીખાયેગા. કિસીકા પાર્ટ નહિ હૈ, ઐસા સેવા કા પાર્ટ બાબા તુમકો દે રહા હૈ. તુમ હજારો કી સભામેં બાબા કા સંદેશ સુના સકતી હો.' વતનમેં બાબા શીખાયેગા. જાણે વતનમાં જવાનો પાર્ટ ખુલ્યો. દીદીજીએ આબુમાં મોહિનીબેન પાસે વેરીફાઈ કરાવ્યું કે, અમરબેનનો બાબાની પાસે જવાનો પાર્ટ સાચે જ ખૂલ્યો છે? ત્યારબાદ મારો વતનમાં જવાનો સિલસિલો ચાલુ થયો.

જ્યારે ભૂજમાં રક્ષાબેન પાસે 'તપસ્યા ભવન'નું ભૂમિ પૂજનના કાર્યક્રમમાં દીદીજી સાથે જવાનું થયું ત્યારે બાબાએ ભોગ દ્વારા સંદેશ આપ્યો કે, બચ્ચી કો બોલના યહ ભવન કા ફાઉન્ડેશન બહુત મજબૂત ડાલે ઔર ફાઉન્ડેશન ડાલતે સમય વિશેષ ધ્યાન દેના. બાબાના સંદેશ પ્રમાણે ફાઉન્ડેશન ખૂબ મજબૂત કર્યું હતું અને 2001માં ભૂકંપ વખતે સમગ્ર ભૂજ પડી ભાંગ્યું હતું ત્યારે તપસ્યા ભવનને માત્ર નાની તિરાડો જ પડી હતી. પ્રકાશમણિ દાદીજી પણ વતનમાં મોકલી ઘણી વખત સંદેશ મંગાવતા. બાબાએ વરદાન પણ આપેલું કે, અમૃતવેલે કે સમય વતનમેં નોટ-પેન્સીલ લેકે આના. મૈં તુઝે વતનમે શીખાઉંગા ઔર નીચે સાકારમેં સરલાદીદી શીખાયેગી. આવી રીતે શરૂઆતના દિવસોમાં બાબાએ મને થોડું ઘણું અક્ષરજ્ઞાન પણ વતનમાં જ આપ્યું હતું.

દીદીજીને મધુબન મહાયજ્ઞમાં અવાર-નાર જવાનું થતું. તેથી દાદીઓની, વરિષ્ઠ ભાઈ-બહેનોની અને યજ્ઞની સમીપ મને લઈ જવા સરલાદીદીજી જ મારા માધ્યમ બન્યા. દીદીજી મારી સાચી મા છે, ફક્ત નિમિત્ત માત્ર જન્મદાત્રી માએ એક નાના ગામમાં જન્મ આપ્યો. દીદી જ્યારે

**(અનુસંધાન પેજ નં. 29 પર)**

# માયાના લોકડાઉનમાંથી બહાર આવો..

## બ્ર.કુ. અનંત, નડિયાદ

આ કોરોનાએ તો સમગ્ર વિશ્વને થંભાવી દીધું. રસ્તા સુમસામ ! જાણે કે મનુષ્ય જેલમાં અને પશુ-પંખીઓ પેરોલ પર છૂટીને રોડ પર ! વિશ્વનાટકનું અભુતપૂર્વ દ્રશ્ય !! પરંતુ, માનવ એ નથી જાણતો કે પોતે લગભગ ૨૫૦૦ વર્ષથી માયાની કેદમાં અર્થાત્ પાંચ વિકારો રૂપી રાવણના લોકડાઉનમાં છે જ! સો મનુષ્ય આત્માઓના નિરાકાર પરમપિતા પરમાત્મા શિવ અત્યારના કપરા સંજોગોમાં (પુરુષોત્તમ કલ્યાણકારી સંગમયુગ) અવતરિત થઈ, પ્રજાપિતા બ્રહ્માના મુખકમલ દ્વારા ગુપ્ત રીતે અગમ-નિગમના અનેક ગુઢ રહસ્યો સ્પષ્ટ કરી રહ્યા છે. પરમશિક્ષક રૂપે કાળચક્રની સમજ અને ગીતામાં વર્ણિત રાજયોગનું શિક્ષણ આપી રહ્યા છે. આપણે સતયુગ-ત્રેતાયુગના ૨૫૦૦ વર્ષ તો પવિત્ર દેવાત્માઓ જ હતા. દ્વાપરથી રાવણની પાંચ વિકારોની જાળમાં ફસાયા અને કલિયુગના અંતે બેહાલ બન્યા. વિશ્વના લગભગ ૧૦ લાખ બ્રહ્માકુમાર-કુમારીઓ શિવબાબા/શિવ પિતાના ઈશારા સમજીને યોગયુક્ત બની, રાવણના આ જડબેસલાક લોકડાઉનમાંથી છટકી, બ્રહ્માજીની નાવમાં બેસી ગયા છે. ખુદ ખુદા નાખુદા/નાવિક બની, ભવ પાર કરાવી રહ્યા છે. પરમસતગુરૂ પરમાત્માના આદેશ અનુસાર આ યાત્રીઓ પોતાને આજીવન ક્વોરોટાઈનમાં સમજીને પવિત્રતા, શુધ્ધ ખાનપાન, નિયમિત સત્સંગ તેમજ દૈવી ગુણોને જીવનમાં અપનાવી સ્વયંનું કલ્યાણ કરતાં કરતાં વિશ્વ પરિવારનાં અન્ય આત્માઓને પણ મનસા, વાચા, કર્મણા, તન, મન, ધનનો સદ્ઉપયોગ કરી માયાની ચંગુલમાંથી મુક્ત કરવાની ઈશ્વરીય સેવા કરી રહ્યા છે. આપ પણ સમયને પારખો અને રાવણના લોકડાઉને જાકારો આપી, આવનાર નવી સ્વર્ણિમ્ દુનિયાના અધિકારી બનવાનું સોભાગ્ય પ્રાપ્ત કરો. કોરોના કરતાં પણ વધારે ઘાતક આ વિકારો રૂપી વિષાણુઓ/વાઇરસને યોગઅગ્નિ દ્વારા ખતમ કરી, સમગ્ર વિશ્વને શિવાલય / રામરાજ્ય બનાવવાના આ કલ્યાણકારી શિવપિતાના કર્તવ્યમાં સહભાગી બનો. **॥ઓમશાંતિ॥**

---

**(પેજ નં. 31નું અનુસંધાન)...જગદમ્બા સરસ્વતી**

પાટણ સેવાકેન્દ્ર ઈન્ચાર્જ નીલમદીદી પંજાબ અંબાલા કેન્ટમાં જગદમ્બાના સાનિધ્યની મીઠી પળોને ઝંઝોરતાં કહે છે કે મમ્મા એક 'મા'ની જેમ પાલના કરતાં હતાં. અમે પરિવારની સાથે મમ્માને મળ્યાં હતાં. મમ્માએ મને તેમની ગોદીમાં બેસાડીને ટોલી ખવડાવી હતી. 'ઈતના પ્યાર કરેગા કૌન? મા કરતી હૈ જીતના. મમ્મા સાથેનો પરિવારનો યાદગાર ફોટો પણ છે. મમ્માનું જીવન મારા માટે પ્રેરણારૂપ રહ્યું છે. મમ્માનું જીવન એક જ્ઞાન મંજુષા હતું. રુહાની આકર્ષણ બેમિસાલ હતું. જે કોઈ તેમને મળે તે તેમની રુહાની પર્સનાલીટીથી પ્રભાવિત જરૂર થતા હતા. હરેક કર્મને પ્રથમ પોતે કરી બીજાને શીખવ્યું. **॥ઓમશાંતિ॥**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.